P.07

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૪૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 144 • Dt. 02-01-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

02 JANUARY- 2025 THURSDAY





P.07 કંગના રનૌતે હિમાચલની મહિલાઓના વખાણ કર્યા



P.07 કાર્તિક આર્યન વર્ષના પ્રથમ દિવસે બાપ્પાના દર્શન કરવા સિદ્ધિવિનાયક પહોંચ્યો

નવા વર્ષની ઉજવણી દરમિયાન લોકો ટ્રાફિક નિયમો ભૂલી ગયા । પોલીસ દ્વારા ૮૯ લાખનું ચલણ જારી




07



07

મુંબઈની એક કોર્ટે આઠ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની સજા ફટકારી





















CMYK

## પાટીદાર નેતાઓએ કૌશિક વેકરીયાના લેટર કાંડ સંદર્ભે મુખ્યમંત્રીને રજૂઆત કરી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧ ।

કૌશિક વેકરીયાના લેટર કાંડ મામલે પાટીદાર નેતાઓએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રજૂઆત કરી છે. આ સમગ્ર મામલે પાટીદાર નેતા દિનેશ બામણીયાનું નિવેદન સામે આવ્યું છે. જેમાં બામણીયાએ કહ્યું હતું કે ઓફિસમાં કામ કરતી દિકરીને આરોપી બનાવી દેવામાં આવી છે. વધુમાં તેમણે કહ્યું હતું કે તેને મુખ્ય સાક્ષી બનાવવાને બદલે આરોપી બનાવી દેવામાં આવી છે.આમ આ મેટર રાજકીય બની ગઈ છે ત્યારે વરઘોડો કાઢવો ન જોઈએ. આરોપીઓ, બુટલેગરો અને રીઢા ગુનેગારોના વરઘોડા ભલે કાઢો. પરંતુ અમરેલીમાં દિકરીનો વરઘોડો કાઢવાની ઘટના નિંદનીય બની છે. ઓફિસમાં કામ કરતી દિકરીએ કોઈના કહેવાથી પત્ર ટાઈપ કર્યો હતો. ક્રિમીનલ રેકોર્ડ ન ધરાવતી દિકરીને આરોપી બનાવવાનું અતિ નિંદનીય કૃત્ય કરવામાં આવ્યું છે.પોલીસે રી-કન્સ્ટ્રક્શનના નામે દીકરીનો વરઘોડો કાઢ્યો તે પણ નિંદનીય છે.

## રાજકોટ શાપર આરોગ્ય કેન્દ્રમાં કર્મચારીઓને તાપણું કરવું ભારે પડ્યું

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧ ।

રાજકોટના શાપરમાં આરોગ્ય કેન્દ્રમાં કર્મચારીઓની બેદરકારીભર્યો વીડિયો સામે આવ્યો હતો. જેમાં કર્મચારીઓ તાપણું કરતા જોવા મળ્યા હતા. વીડિયો વાયરલ થતાં તપાસ અધિકારીએ ૨ કરાર આધારિત કર્મચારીને ટર્મિનેટ કર્યા છે. ૨ કાયમી કર્મચારીને શો કોઝ નોટિસ આપવામાં આવી છે.રાજકોટ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કર્મચારીઓની બેદરકારી સામે આવી હતી. શાપર આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ કેમિકલ ભરેલા કેરબા પાસે તાપણું કરતો વીડિયો વાયરલ થયો હતો. જેથી લેબોરેટરી કે જેમાં જ્વલનશીલ કેમિકલ હોય ત્યાં તાપણું કરવાથી વિવાદ થયો છે. આરોગ્ય કેન્દ્રમાં ૧૫થી વધુ લોકો ઉપસ્થિત હતા. ઠંડીથી બચવા અન્યના જીવ જોખમમાં મુક્યા હતા. દર્દીને અન્ય દવા આપતા જાગૃત નાગરિકે વીડિયો વાયરલ કર્યો છે જેથી સત્ય સામે આવે. લોકોમાં રોષ ફેલાયો છે કે આરોગ્ય કેન્દ્રમાં કોઈ મોટી દુર્ઘટના ઘટે તો જવાબદાર કોણ ?

### ગુજરાત રાજ્યમાં એક સાથે

# ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાના નિર્ણયને રાજ્યમંત્રીમંડળની મંજૂરી

### ગુજરાતમાં હાલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મળી કુલ – ૦૮ મહાનગરપાલિકાઓ કાર્યરત

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧ ।



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણની સરકારે ૯ મહાનગરપાલિકાની રચનાને મંજૂરી આપીને મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી કાર્યરત કરી છે.રાજ્ય મંત્રીમંડળની બેઠકના આ નિર્ણયની ભૂમિકા આપતાં પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે'વિકાસના એન્જીન' ગુજરાતમાં હાલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મળી કુલ – ૦૮ મહાનગરપાલિકાઓ કાર્યરત છે. આ પૈકી જુનાગઢ મહાનગરપાલિકાની વર્ષ ૨૦૦૨માં અને ગાંધીનગર મહાનગરપાલિકાની વર્ષ ૨૦૧૦માં રચના કરવામાં આવેલી છે. આના પરિણામે રાજ્યમાં હાલની મહાનગરપાલિકાઓની સંખ્યા કરતા બે ગણી એટલે કે ૧૭ મહાનગરપાલિકાઓ અસ્તિત્વમાં આવી છે. ગુજરાતના શહેરી વિકાસમાં આ એક ઐતિહાસિક ઘટના છે તેનો વિશેષ ઉલ્લેખ પ્રવક્તા મંત્રીશ્રીએ કર્યો હતો.નીતિ આયોગની 'સિટીઝ એઝ એન્જિન્સ ઓફ ગ્રોથ' સંકલ્પના સાર્થક કરવા પ્રમાણમાં મોટા શહેરી વિસ્તારોનું ભવિષ્યલક્ષી આયોજન અને સુચારૂ વહીવટતંત્ર સ્થાપી શકાય તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકાઓની રચના કરીને તેમાં વિકાસલક્ષી કામો અને વહીવટીતંત્રમાં અસરકારકતા તેમજ પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં આવી છે.આ સંદર્ભમાં આ ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો મળતાં હવે રાજ્યમાં મહાનગરપાલિકાઓની સંખ્યા ૧૭ અને નગરપાલિકાઓની સંખ્યા ૧૪૯ થશે.રાજ્યમંત્રી મંડળના નિર્ણય અનુસાર નવસારી નગરપાલિકા તેમજ દાંતેજ, ધારાગીરી, એરુ અને હાંસાપોર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને નવસારી મહાનગરપાલિકા બનશે. ગાંધીધામ નગરપાલિકા તેમજ કિડાણા, ગળપાદર, અંતરજાળ, શિણાય, મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભારડી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને ગાંધીધામ મહાનગરપાલિકા બનશે.મોરબી નગરપાલિકા તેમજ શક્તસનાળા, રવાપરા, લીલાપર, અમરેલી, નાની વાવડી, ભડીયાદ (જવાહર), ત્રાજપર (માળીયા વનાળીયા), મહેન્દ્રનગર (ઈન્દિરાનગર) અને માધાપર/વજેપર ઓજી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને મોરબી મહાનગરપાલિકા બનશે. વાપી નગરપાલિકા તેમજ બલિઠા, સલવાવ, છીરી, છરવાડા, ચણોદ, કરવડ, નામધા, ચંડોર, મોરાઈ, વટાર, કુંતા ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને વાપી મહાનગરપાલિકા બનશે. આણંદ, વલ્લભવિદ્યાનગર અને કરમસદ નગરપાલિકા તેમજ મોગરી, જીટોડીયા, ગામડી અને લાંભવેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને આણંદ મહાનગરપાલિકા બનશે. મહેસાણા નગરપાલિકા તેમજ ફતેપુરા, રામોસણા, રામોસણા દ્ર.છ. વિસ્તાર, દેદીયાસણ, પાલાવાસણા, હેડુવા રાજગર, હેડુવા હનુમંત, તળેટી અને લાખવડ ગ્રામ પંચાયતો ઉપરાંત પાલોદર, પાંચોટ, ગિલોસણ, નુગર, સખપુરડા અને લાખવડ ગ્રામ પંચાયતોના કેટલાક સર્વે નંબરવાળા વિસ્તારો સમાવિષ્ટ થઈને મહેસાણા મહાનગરપાલિકા બનશે.

## ખ્યાતિ હોસ્પિટલના શારીરિક-આર્થિક રીતે ચીરી નાખવાના કૌભાડમાં । ૧૫ દર્દીઓ હાઈકોર્ટના દ્વારે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧ ।

અમદાવાદની કુખ્યાત ખ્યાતિ હોસ્પિટલના દર્દીને શારીરિક અને આર્થિક રીતે ચીરી નાખવાના કૌંભાડ સામે ૧૫ દર્દીઓ ગુજરાત હાઈકોર્ટમાં પહોચ્યા છે. આ દર્દીઓએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરીને એવી દાદ માગી છે કે, ખ્યાતિ હોસ્પિટલ સામે અમને વ્યક્તિગત ફરિયાદ કરવા દેવામાં આવે. અત્યારે જે ફરિયાદ થઈ છે તે માત્ર એક જ ફરિયાદ થઈ છે.ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરનારા દર્દીઓએ તેમની અરજીમાં એવુ પણ જણાવ્યું છે કે, ખ્યાતિ હોસ્પિટલનું કૌંભાડ સામે આવ્યા બાદથી લઈને આજદીન સુધી સરકારના કોઈ પણ વિભાગે કે અધિકારીએ તેમનુ સત્તાવાર નિવેદન લીધુ નથી કે નથી તેમનો કોઈ સંપર્ક કર્યો.ભોગ બનનાર તમામ અરજદારોની અલગ અલગ ફરિયાદ નોંધવાની માંગ સાથે અરજી કરવામાં આવી છે. જે સમયે ખ્યાતિ હોસ્પિટલનું આખુ કૌંભાડ સામે આવ્યું તે સમયે હોસ્પિટલ દ્વારા ૫ દર્દીઓની એન્જીઓગ્રાફિ અને એન્જીઓપ્લાસ્ટી કરાઈ હતી. અન્ય ૧૦ દર્દીઓની પણ એન્જીઓપ્લાસ્ટી હોસ્પિટલ દ્વારા કરવામાં આવી હતી. ઓપરેશન બાદ દર્દીઓને કોઈને કોઈ શારીરિક તકલીફ રહી જવા પામી છે. તમામ ૧૫ ભોગ બનનાર હાલમાં ખાનગી હોસ્પિટલમાં લઈ રહ્યા છે. હજુ સુધી સરકાર તરફથી કોઈ સહાય મળી નથી.

### ૨૦૨૩ ફેબ્રુઆરીમાં હર્ષદ રીબડીયાએ ભાયાણી વિરુદ્ધ પિટિશન દાખલ કરી હતી

# જુનાગઢ ભુપત ભાયાણીનો હર્ષદ રીબડીયા ઉપર પ્રહાર । તેમણે પિટિશન પરત ખેંચવા વાત કરી

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧ ।

જુનાગઢમાં હાલના રાજકીય તણાવ વચ્ચે, ભુપત ભાયાણી અને હર્ષદ રીબડીયાની વચ્ચેનું વિવાદ ભારે ચર્ચાસ્પદ બની ગયું છે. ૨૦૨૩ ફેબ્રુઆરીમાં હર્ષદ રીબડીયાએ ભાયાણી વિરુદ્ધ પિટિશન દાખલ કરી હતી, જેમાં પ્રસ્તાવ હતો કે ભાયાણી દ્વારા ચૂંટણી ફોર્મમાં પુત્રની બાઈકની વિગત છુપાવવામાં આવી હતી. હર્ષદ રીબડીયાનો આરોપ છે કે ૫૦,૦૦૦ રૂપિયાની બાઈક માટે, ભાયાણીએ ૨.૫ લાખ લોકોને બાનમાં લઈ લીધા છે. આ મામલે હર્ષદ રીબડીયાએ પિટિશન દાખલ કરી, પરંતુ ભુપત ભાયાણીનો જવાબ તે રીતે આવ્યો છે કે, “વિગતો મેં છુપાવ્યું નથી, ફોર્મમાં બધી વિગતો હતી.”હર્ષદ રીબડીયાના નિવેદન બાદ, ભાયાણીએ તેમના વિધાનમાં જણાવ્યું હતું કે, “મનદુઃખ ન હોય તો પીટીશન પરત ખેંચવી જોઈએ,” રીબડીયાએ ભાયાણી પર ચૂંટણી દરમિયાન પોતાના પુત્રની બાઈકની વિગત છુપાવવાનો આરોપ લગાવ્યો છે. આ મામલે ભાયાણીએ જણાવ્યું કે, “મને આ મામલે કોઈ મનદુઃખ નથી. જો રીબડીયાને પણ મનદુઃખ ન હોય તો તેમણે પિટિશન પરત ખેંચવી જોઈએ.” ભાયાણીએ એમ પણ કહ્યું કે તેઓ પિટિશન પરત ખેંચવાની વિનંતી સાથે રીબડીયાને મળ્યા હતા.

ભાયાણી, જેમણે જૂના ચૂંટણી દરમિયાન હર્ષદ રીબડીયાને સામે લડાઈ કરી હતી, તે આ સમયે મતદારોના હિત માટે પણ પિટિશન પરત ખેંચવાની વાત કરી રહ્યા છે. તેમણે કહ્યું છે કે, “વિસ્તારના મતદારો મુશ્કેલીમાં છે અને વિકાસના કામો અટકાઇ ગયા છે.” પાર્ટીના આગેવાનોએ પણ પિટિશન પરત ખેંચવાની સૂચના આપી છે, જે હવે આ વિવાદના સમાધાન માટે એક કવાયત તરીકે આગળ આવી રહી છે.બંને નેતાઓ અગાઉ વિરોધી પક્ષોમાં હતા અને ચૂંટણીમાં આમને સામને આવી ચૂક્યા છે. હાલમાં આ વિવાદને કારણે વિસ્તારના મતદારો મુશ્કેલીમાં છે અને વિકાસના કામો અટકી પડ્યા છે. પાર્ટીના આગેવાનોએ પણ બંનેને પિટિશન પરત ખેંચવાની સલાહ આપી છે.

## કચ્છનાં માંડવીનાં ગોધરા ગામ પાસે અજાણ્યા શખ્સોએ હત્યા કરી દીધી

। પ્રતિનિધિ, ભુજ, તા.૧ ।

કચ્છના માંડવી તાલુકાના ગોધરામાં આજે વહેલી સવારે હત્યાની એક ઘટના બની હતી. આરોગ્ય વિભાગમાં કરાર આધારીત ફરજ બજાવતી યુવતી નોકરી માટે ઘરેથી નીકળી હતી. તે બસની રાહ જોઈ રહી હતી તે દરમિયાન જ એક બાઈક સવાર યુવકે આવીને ફિલ્મી સ્ટાઈલમાં તલવારના અનેક ઘા મારી યુવતીને રહેંસી નાખી હતી. જાહેરમાં હત્યાની ઘટના બનતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર પ્રસરી છે. સવારના ૬ વાગ્યાની આસપાસ યુવતીની હત્યાની ઘટના બનતા પોલીસ તંત્ર પણ દોડતું થયું છે.ગોધરા ગામે પોતાના ઘરેથી નોકરી જવા માટે નીકળેલી ગૌરી ગરવા નામની યુવતી વહેલી સવારે ૬ વાગ્યાના અરસામાં દુર્ગાપુર માર્ગે બસની રાહ જોઈ રહી હતી. ત્યારે બાઈક ઉપર આવેલા અજાણ્યા શખસે યુવતી ઉપર તલવાર વડે હુમલો કર્યો હતો. જાહેરમાં જ તલવાર અને ગુપ્તીના અસંખ્ય ઘા ઝીકીને યુવતીને રહેંસી નાખી હતી. જે બાદ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

## અમદાવાદમાં સ્કૂલે જતી ૯ વર્ષની બાળકીને કોર્પોરેશનની કચરાની ગાડીએ કચડી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧ ।

અમદાવાદ શહેરના સરસપુર વિસ્તારમાં આજે સવારે એક કરુણ ઘટના બની છે. પરમાનંદની ચાલીમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની કચરાની ગાડીએ નવ વર્ષની બાળકીને ટક્કર મારતાં તેનું મૃત્યુ થયું છે. ઈ-ડિવિઝન ટ્રાફિક પોલીસે આ મામલે ગુનો નોંધીને ડ્રાઈવરની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.મળતી માહિતી મુજબ મૃતક બાળકીની ઓળખ ફાતિમા કૌસર શાહબુદ્દીન શેખ તરીકે થઈ છે. તે સરસપુરમાં આવેલી ઉર્દુ શાળા નંબર એકમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતી હતી. આજે સવારે તે સાઈકલ લઈને સ્કૂલ જતી હતી ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનની કચરા ગાડીએ ટક્કર મારી અકસ્માત કરતાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અકસ્માત બાદ AMC કચરાની ગાડીનો ચાલક ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.





## ૨૦૨૫માં ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે

# સમગ્ર રાજ્યમાં ૨૦૨૫માં વિવિધ ઐતિહાસિક સીમા ચિન્હરૂપ જન્મોત્સવની ઉજવણી કરાશે

### ગુજરાતભરમાં "સંવિધાનના અમૃત મહોત્સવ"ની ઉજવણી કરાશે । કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પણ ઉજવણી કરવામાં આવશે

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૧ ।

સમગ્ર રાજ્યમાં ૨૦૨૫માં વિવિધ ઐતિહાસિક સીમા ચિન્હરૂપ જન્મોત્સવની ઉજવણી કરાશે. સમગ્ર ગુજરાતમાં ૨૦૨૫ના વર્ષમાં ઐતિહાસિક જન્મોત્સવ કાર્યક્રમની વિવિધ ઉજવણી જનભાગીદારી સાથે ભવ્ય રીતે થવાની છે.આ ઉજવણીમાં ખાસ કરીને ભારતીય બંધારણના શાશ્વત પણા સાથે રાષ્ટ્ર નેતાઓના આદર્શો અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને જન માનસમાં સર્જનાત્મક રીતે ઉજાગર કરવાનાં કાર્યક્રમો યોજાશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આ હેતુસર રચવામાં આવેલી સ્ટીયરીંગ કમિટીની મળેલી પ્રથમ બેઠકમાં આ કાર્યક્રમોની શાનદાર ઉજવણી માટેના આયોજનની વિશદ ભૂમિકા પ્રસ્તુત કરવામાં આવી હતી.વર્ષ ૨૦૨૫માં ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.




આ નિમિત્તે ગુજરાતભરમાં "સંવિધાનના અમૃત મહોત્સવ"ની ઉજવણી કરાશે. સાથે જ, કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પણ ઉજવણી કરવામાં આવશે.આ ઉપરાંત "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના વિઝન સાથે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની તેમજ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલ બિહારી વાજપેયીના ૧૦૦માં જયંતી વર્ષની પણ ભવ્ય ઉજવણી થશે. સાથે જ, ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જયંતી નિમિત્તે ગુજરાતમાં વર્ષ ૨૦૨૫ને "જનજાતિય ગૌરવ વર્ષ" તરીકે ઉજવાશે.આ બધા જ ઉજવણી કાર્યક્રમોને વધુ લોકભોગ્ય અને પ્રજા સહભાગીતા પ્રેરિત બનાવવા વિવિધ સ્પર્ધાઓ, વ્યાખ્યાનમાળાઓ, ટ્રાઈબલ હેરિટેજને પ્રોત્સાહિત કરતા જનજાતિ ગૌરવ મેળાઓ વગેરેના સમયબદ્ધ આયોજનની વિગતવાર પ્રસ્તુતિ મુખ્યમંત્રીઅને મંત્રીઓ સમક્ષ આ બેઠકમાં કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉજવણી કાર્યક્રમોને પરસ્પર સાંકળી લઈને સમગ્રતયા ગૌરવપૂર્ણ ગાથા તરીકે રાષ્ટ્રહિત ઉજાગર કરતા કાર્યક્રમો યોજવા બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. રાજ્ય સરકારના મંત્રીઓ અને વરિષ્ઠ સચિવો સહિત ૨૮ સભ્યોની આ સ્ટીયરીંગ કમિટીમાં રજૂ થયેલ પ્રેઝન્ટેશનને વધુ વ્યાપક અને જનભાગીદારી સભર બનાવવાના હેતુસર ઝીણવટપૂર્વક અભ્યાસ અને યોગ્ય સુધારાઓ માટે પ્રેરક સૂચનો પણ મુખ્યમંત્રીએ કર્યા હતા.સંવિધાનનો અમૃત મહોત્સવ અને આપાતકાલના ૫૦ વર્ષની ઉજવણી સંદર્ભે યોજાનારા વિવિધ કાર્યક્રમો અંગે અગ્ર સચિવ અશ્વિનીકુમાર તથા યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિના કમિશનર આલોક પાંડેએ મુખ્યમંત્રી તથા મંત્રીઓ સમક્ષ પ્રેઝન્ટેશન કર્યું હતું.

---

## સ્નાનાગારમાં નવો ફિલ્ટરેશન પ્લાન્ટ નખાશે

# રાજ્યમાં ગુજરાત વિદ્યાપીઠ દ્વારા થલતેજ ગામમાં અદ્યતન વાંચનાલય બનાવાશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧ ।

ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલા ગ્રામ વિસ્તરણ કેન્દ્રના પુસ્તકાલયને અદ્યતન બનાવાશે. યુવાનો આ વાચનાલયનો મહત્તમ ઉપયોગ કરે એ પ્રકારે તેનો વિકાસ કરાશે. ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં આજે યોજાયેલી ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. ગૂજરાત વિદ્યાપીઠની પ્રવૃત્તિઓનો વ્યાપ વધે અને નાગરિકો વિદ્યાપીઠની સેવાઓનો વિશેષ લાભ લઈ શકે એ પ્રકારે ગૂજરાત વિદ્યાપીઠ મંડળ દ્વારા અનેક સર્જનાત્મક નિર્ણયો લેવાઈ રહ્યા છે.ગૂજરાત વિદ્યાપીઠના આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્વિમિંગ પૂલનો લાભ અનેક નાગરિકો લઈ રહ્યા છે. વિદ્યાપીઠના સંકુલમાં આવેલા આ સ્નાનાગારમાં રૂ. ૩૦ લાખના ખર્ચે નવો અદ્યતન ફિલ્ટરેશન પ્લાન્ટ નાખવાનો નિર્ણય પણ આ બેઠકમાં લેવાયો હતો.ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ગાંધીનગરના રાંધેજામાં, મધ્ય ગુજરાતના દેથલીમાં અને દક્ષિણ ગુજરાતના અંભેટીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ કેન્દ્રોની આસપાસના ખેડૂતોને યોગ્ય વૈજ્ઞાનિક માર્ગદર્શન મળી રહે તે હેતુથી આ કેન્દ્રોનો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના તાલીમ કેન્દ્ર તરીકે વિકાસ કરાઈ રહ્યો છે. અંભેટીનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મિલેટ્સ અને ચોખાનું ઉત્પાદન કેન્દ્ર બને, દેથલીનું કેન્દ્ર બીજ ઉત્પાદન અને ફૂડ પ્રોસેસિંગનું મહત્વનું સેન્ટર બને તથા રાંધેજાનું કેન્દ્ર પંચસ્તરીય પ્રાકૃતિક ખેતીનું આદર્શ મોડેલ ફોર્મ બને એ માટેના નિર્ણયો લેવાયા હતા. ગૂજરાત વિદ્યાપીઠ મંડળની વર્ષ ૨૦૨૪-૨૫ ની આ તૃતીય બેઠકમાં કુલપતિ ડૉ. હર્ષદ પટેલ, મંડળના ટ્રસ્ટીઓ ભુપેન્દ્રસિંહ ચુડાસમા, હસમુખભાઈ પટેલ,દિલીપભાઈ ઠાકર, ચંદ્રવદનભાઈ શાહ, સુરેશભાઈ રામાનુજ અને આયેશાબેન પટેલે ઉપસ્થિત રહીને વિચાર-વિમર્શમાં ભાગ લીધો હતો. ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલા ગ્રામ વિસ્તરણ કેન્દ્રના પુસ્તકાલયને અદ્યતન બનાવાશે. યુવાનો આ વાંચનાલયનો મહત્તમ ઉપયોગ કરે એ પ્રકારે તેનો વિકાસ કરાશે. ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં આજે યોજાયેલી ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

---

# નર્મદા કેનાલમાંથી મળી આવેલા મૃતદેહને કચરા ગાડીમાં લાવવામાં આવ્યો

। માહિતી બ્યુરો, અમદાવાદ,તા.૧ ।

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, "ગુજરાતમાં કડી નગરપાલિકામાં કેનાલ નજીક એક મૃતકની લાશ મળી આવેલ હતી અને મૃત્યુ પામેલ દિવંગતની લાશને કુંડાળ હોસ્પિટલ ખાતે પી.એમ અર્થે લાવવામાં આવી હતી. ઉપરોક્ત વિષયે માનવતાને શર્મશાર કરતી ઘટના સામે આવી છે. મૃતકની લાશને નગરપાલિકા પ્રશાસન દ્વારા કચરાના ડબ્બામાં લાવવામાં આવી હતી અને નગરપાલિકાના અણઘડ વહીવટના કારણે દેશનો નાગરિક મૃત્યુ પામ્યો હોય અને કચરાના ડબ્બામાં લાશ લવાઈ હોય તેવી આ સૌપ્રથમ ઘટના જોવા મળેલ છે. એક તરફ ગુજરાત સરકાર આરોગ્ય બાબતે મોટી મોટી ડીંડકો મારે છે. ૧૦૮ એમ્બ્યુલન્સની વ્યવસ્થા સમગ્ર ગુજરાતમાં છે તેવી ડંફાસોનો હવે કડી નગરપાલિકામાં બનેલી આ ઘટનાથી અંત આવી ગયો છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર આવું તો અનેક વાર બનેલું છે કે જેમાં મૃતકોની લાશને કચરાના ડબ્બામાં વહન કરવામાં આવે છે. આ બાબતે સ્થાનિકોએ ચીફ ઓફિસરને રજૂઆત કરતા તેઓ એ જણાવ્યું હતું કે, સારું હવે પછી કચરાના ડબ્બામાં લાશને નહીં લાવવામાં આવે. આમ કરીને તુમાખીભર્યા જવાબો આપીને દેશના નાગરિકના મોતનો મલાજો પણ સચવાયો નહીં તે અત્યંત ગંભીર બાબત છે.








## તંત્રી લેખ..

# રોકાણને લઇ દુવિધા

કોરોના કાળની અવધિ અને હાલની ખુબ જ જટિલ આર્થિક સ્થિતીના કારણે સામાન્ય પ્રશ્નો તમામ રોકાણકરોને સતાવે છે. હાલના સમયમાં સામાન્ય રીતે પ્રશ્ન એ થાય છે કે તે પોતાના નાણાંનુ રોકાણ તે ક્યાં કરે જેના કારણે તેની સંપત્તિમાં વધારો થઈ શકે. રિયલ એસ્ટેટમાં કોઈ દમ રહ્યો નથી. શેરબજારમાં પણ હાલમાં પ્રવાહી સ્થિતી પ્રવર્તી રહી છે. કારોબારી વધારે રોકાણ કરવા માટે હિમ્મત કરી રહ્યા નથી. ખરાબ સમયના સાથી તરીકે ગણાતા સોનાની સપાટી હવે એવા સ્તર પર પહોંચી ગઈ છે જ્યાંથી તેની કિંમતમાં ઘટાડો થવાની જ આશંકા વધારે દેખાઈ રહી છે. ફિક્સ્ડ ડિપોઝીટના દરો પણ હાલમાં આકર્ષિત રહ્યા નથી. સાથે સાથે પાકતી રકમ પર ટેક્સ પણ લાગુ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં માત્ર મ્યુચ્યુઅલ ફંડ જ રહી જાય છે. જેનો પ્રચાર હાલમાં જોરદાર રીતે કરવામાં આવી રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ સહી હે તે સ્લોગન હાલમાં ચારેબાજુ જોવા મળે છે. મોટા ભાગના લોકો એમ વિચારીને મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં લગાવી દે છે કે હકીકતમાં ફંડ મેનેજર એવા શેરમાં અથવા તો ડેટમાં પૈસા લગાવી રહ્યા હશે જેમના કારણે તેમને ખુબ વધારે ફાયદો થશે. મ્યુચ્યુઅલ ફંડ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) ખાતામાં સમગ્ર દેશમાંથી આશરે ૨.૨૯ લાખ કરોડ રૂપિયા લગાવી દેવામાં આવ્યા છે. એકલા જુન મહિનામાં જ ૭૫૫૬ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. જે રકમ દર્શાવે છે કે મ્યુચ્યુઅલ ફંડમાં હાલમાં સમયમાં કેટલા મોટા પાયે રોકાણ કરવામાં આવી રહ્યુ છે. ભલે રોકાણના આ માધ્યમની લોકપ્રિયતા હાલમાં આસમાન પર છે પરંતુ આ કડવી વાસ્તવિકતાને નજર અંદાજ કરી શકાય નહીં કે તેમાં પણ તમામ પ્રકારના જોખમ રહેલા છે. કેટલાક ફંડ નુકસાનમાં પણ પહોંચી ચુક્યા છે. હકીકતમાં ભારતમાં રોકાણનુ સ્વરૂપ એવુ છે કે જ્યારે લોકો રોકાણ કરે છે ત્યારે એક જ સેક્ટરમાં સતત રોકાણ કરવામાં આવે છે. આક્રમક જાહેરાતો અને રોકાણના મર્યાદિત સાધનો હોવાના કારણે રોકાણકારોને રોકાણના આ માધ્યમમાં નફો વધારે હોવાની બાબત દેખાઈ રહી છે. કમીશનના કારણે રોકાણ સલાહકારો પણ હવે લોકોને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. જેના કારણે મ્યુચ્યુઅલ ફંડનુ નેટવર્ક સતત વધી રહ્યુ છે. હવે આંકડા કઈ જુદી વાત કરી રહ્યા છે. એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક મ્યુચ્યુઅલ ફંડ નુકસાનમાં જતા રહ્યા છે. કેટલાક આઈપીઓ બચાવવા માટેના ચક્કરમાં પડીને પોતાના પૈસા ગુમાવી ચુકયા છે. બગડી ગયેલી સ્થિતીમાં આવા ફંડ મેનેજરોની રોકાણકારોને આકર્ષિત કરવાના પ્રયાસના કારણે બજાર નિયામક સેબીને પણ નજર રાખવાની ફરજ પડી રહી છે. મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓએ ગ્રાહકોને લાલચ આપવા અને એમ કહીએ કે તેમને ભ્રમિત કરવા માટે કેટલાક ફંડા રજૂ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે બજારમાં ભ્રમની સ્થિતી ઉભી થઈ ગઈ છે. થોડાક દિવસ પહેલા એક બિન સરકારી બેંક સહાયક કંપનીના આઈપીઓને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે જે રીતે ૫૦થી વધારે મ્યુચ્યુઅલ ફંડના પૈસા તેમાં લગાવી દેવામાં આવ્યા હતા.

# ઇનફર્ટિલિટીની સમસ્યા વધી છે



ઇનફર્ટિલિટિની સમસ્યા આજે સમગ્ર દુનિયામાં જોવા મળે છે પરંતુ અમારા દેશમાં બદલાઈ રહેલી લાઈફ સ્ટાઈલના કારણે આ સમસ્યા વધારે ગંભીર બની રહી છે. અમારા દેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ફર્ટિલિટી સેન્ટરોની સંખ્યા ૧૦ ગણી વધી ગઈ છે. શોધથી એવુ જાણવા મળ્યુ છે કે ભારતમાં ૨.૮ કરોડ દંપત્તિ ઈનફર્ટિલિટીનો શિકાર બની ગયા છે. ઈનફર્ટિલિટી સમસ્યા માત્ર ભારતમાં શહેરી વિસ્તારોમાં રહેતા લોકોની સમસ્યા નથી બલ્કે ગ્રામીણ વિસ્તારોમાં પણ આ સમસ્યા ઉભરી આવી છે. આ સમસ્યા માત્ર મહિલાઓ સુધી પણ મર્યાદિત રહી નથી. આના મુખ્ય કારણ તરફ ધ્યાન આપવામાં આવે તો મોટી વયમાં લગ્ન, ટેન્શન ભરેલી લાઈફ સ્ટાઈલ, થાઈરોઈડ જેવી સમસ્યા પણ છે. આધુનિક સમયમાં પરિવાર કરતા લોકો કેરિયરને વધારે મહત્વ આપી રહ્યા છે જેથી પણ આ સમસ્યા ગંભીર બની રહી છે. ઈનફર્ટિલિટીની સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઈનફર્ટિલિટી માત્ર મહિલાઓની સમસ્યા નથી. જરૂર એ બાબતની છે કે મહિલા અને પુરૂષ બંનને આ સમસ્યાને ગંભીરતાથી હાથ ધરવાની જરૂર હોય છે. ટેકનોલોજી આજના સમયમાં એટલી વધારે વિકસિત થઈ ચુકી છે કે તમે એવા દિવસોથી ઓળખ ઘરમાં પણ કરી શકો છો જ્યારે આપની સગર્ભા બનવાની તક વધારે રહે છે. જે લોકો વિચારે છે કે ભારતની મહિલાઓ ટેકનોલોજીનો ઉપયોગ વધારે સારી રીતે કરી શકતી નથી તે લોકોની ગણતરી ખોટી છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે મહિલાઓ હવે ઘરમાં બેસીને પોતાના ફર્ટિલિટીના દિવસોની ઓળખ કરી શકે છે. એક એપની મદદથી આની ઓળખ કરી શકે છે. આ એપ પાંચ મિનિટમાં રિઝલ્ટ દર્શાવે છે. જે બેબી માટે ટ્રાય કરી રહ્યા છે તેમના માટે આ ઉપયોગી છથે. ક્યા ક્યા દિવસો તેમના માટે ફર્ટિલિટી માટે યોગ્ય છે. જે સ્માર્ટ ફોન હેન્ડલ કરી શકે છે તે તેને સરળતાથી ઉપયોગ કરી શકે છે. એપ દર્શાવે છે કે આપને ક્યારે ટેસ્ટ કરાવવા છે. આ ડિવાઈસની કિંમત ત્રણ હજાર રૂપિયા છે. આની સાથે આપને એક ટેસ્ટ સ્ટ્રિપ પણ મળે છે. ટેસ્ટ સ્ટ્રિપ સિંગલ યુઝ છે. એટલે કે એક વખત ઉપયોગ કરવામાં આવ્યા બાદ તેનો ઉપયોગ કરી શકાય નહીં. ઈનફર્ટિલિટી મોનિટર એક પોર્ટેબલ હોમ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ ડિવાઈસ છે. જે ઈનિટો એપ અને સ્ટ્રિપની સાથે મળે છે. એક ચક્રમાં કેટલાક દિવસો જ ફર્ટાઈલ હોય છે. જ્યારે એક મહિલાના ગર્ભવતી થવાની તક હોય છે. એપ મારફતે ટેસ્ટ કરવાની બાબત સરળ છે. ડિવાઈસની સાથે ટેસ્ટ સ્ટ્રિપ મળે છે. સ્ટ્રિપ પર બ્લડ, યુરિન અને સ્લાઈવાના ટિપા મુકીને કેપ લગાવીને ડિવાઈજમાં નાંખવામાં આવે છે. ડિવાઈસને ત્યારબાદ ફોન સાથે અટેચ કરવામાં આવે છે.

પાંચ મિનિટની અંદર તે કોઈ મોટી લેબની જેમ યોગ્ય પરિણામ આપના ફોન પર ઉપલબ્ધ કરાવે છે. કેટલાક મોટા શહેરોમાં જ આનો વધારે ઉપયોગ થઈ રહ્યો છે તે અંગે તપાસ કરવામાં આવતા આ બાબત ખોટી સાબિત થઈ હતી. જાણવા મળ્યુ છે કે નાના શહેરો જેમ કે નાગાલેન્ડના શહેરો, મણિપુર અને જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં પણ આનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બેબી માટે વિકલ્પ શુ હોય છે તેવા પ્રશ્નના જવાબમાં તબીબો કહે છે કે સૌથી પહેલા નેચરલ તરીકે સાથે ટ્રાય કરવામાં આવે છે. ત્યારબાદ જો રિઝલ્ટ મળતા નથી તો તબીબો પાસે સલાહ લેવાની જરૂર હોય છે. તબીબો આના માટે જરૂરી દવા અને ટેસ્ટની સલાહ આપે છે. આઈયુઆઈ અને ત્યારબાદ અંતે ટેસ્ટ ટ્યુટ બેબીની મદદ લેવામાં આવી શકે છે. ઈનફર્ટિલિટીનો અર્થ બાળક થઈ શકે નહીં તેમ કેટલાક લોકો માને છે પરંતુ આ માન્યતા ખોટી છે. વાસ્તવમાં એક વર્ષ સુધી અનપ્રોટેક્ટ સેક્સ સંબંધ છતાં બાળકો ન થાય ત્યારે આને આની પરિભાષા આપવામાં આવે છે.



ઇન્ટરવ્યુ

અનુરાગ ઠાકુર

## માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું એક સર્વગ્રાહી સ્પોર્ટ્સ ઇકોસિસ્ટમ બનાવવાનું વિઝન...

**ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ અને સરકારનું સમર્થન. ભંડોળના કારણે આ ઐતિહાસિક પરિણામો શક્ય બન્યા છે. અમે તમારા કાર્યકાળ દરમિયાન ઓલિમ્પિકમાં સૌથી વધુ મેડલ જીત્યા હતા અને હવે એશિયન ગેમ્સમાં ૧૦૦નો આંકડો પાર કર્યો છે.**

# ઐતિહાસિક પરિણામ પાછળ ઘણા પરિબળો છે: આપણા ખેલાડીઓની સખત મહેનત અને ઘરેલુ મેડલ લાવવાની ઝુંબેશ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી, તેમના દ્વારા આપવામાં આવેલી સુવિધાઓ અને આપણા ખેલાડીઓની સખત મહેનત અને દ્રઢ નિશ્ચયને કારણે ભારતે ૧૦૦ મેડલનો આંકડો પાર કર્યો છે.**

**૧) આ વખતે એશિયન ગેમ્સ ભારત માટે ઐતિહાસિક હતી. શું તમે આવા પરિણામની અપેક્ષા રાખતા હતા?**

અમે કહ્યું અને અમે કર્યું! આ ઐતિહાસિક પરિણામ પાછળ ઘણા પરિબળો છે: આપણા ખેલાડીઓની સખત મહેનત અને ઘરેલુ મેડલ લાવવાની ઝુંબેશ, આપણા માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું એક સર્વગ્રાહી સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ બનાવવાનું વિઝન, ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ અને સરકારનું સમર્થન. ભંડોળના કારણે આ ઐતિહાસિક પરિણામો શક્ય બન્યા છે. અમે તમારા કાર્યકાળ દરમિયાન ઓલિમ્પિકમાં સૌથી વધુ મેડલ જીત્યા હતા અને હવે એશિયન ગેમ્સમાં ૧૦૦નો આંકડો પાર કર્યો છે. એશિયન ગેમ્સમાં ભારતનું પ્રદર્શન અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ રહ્યું હતું. અમે ૧૦૭ મેડલ જીત્યા બાદ શું કહ્યું હતું, આ વખતે ભારતીય ખેલાડીઓએ ૧૦૦નો આંકડો પાર કર્યો છે. પહેલા આપણે સાંભળતા હતા કે ક્રિકેટમાં સદી ફટકારવામાં આવે છે. હવે તો એશિયન ગેમ્સમાં પણ સદી ફટકારવાનું કામ થઈ ગયું છે. આનાથી ખેલાડીઓનું મનોબળ વધ્યું અને દેશભરના લોકોમાં નવી ઊર્જા અને દેશના યુવા અને ઉભરતા ખેલાડીઓને નવી પ્રેરણા મળી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી, તેમના દ્વારા આપવામાં આવેલી સુવિધાઓ અને આપણા ખેલાડીઓની સખત મહેનત અને દ્રઢ નિશ્ચયને કારણે ભારતે ૧૦૦ મેડલનો આંકડો પાર કર્યો છે. આગામી સમયમાં આપણે રમતગમતમાં વધુ રોકાણ જોઈશું. અત્યાર સુધી માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને જે વિચારસરણી આપી છે અને ખેલાડીઓને જે સુવિધાઓ આપી છે તેનું જ પરિણામ છે. તમે જુઓ, આ વખતે ઓલિમ્પિકમાં આપણે અત્યાર સુધીમાં સૌથી વધુ સાત મેડલ જીત્યા હતા. ત્યારબાદ પેરાલિમ્પિક ગેમ્સમાં ૧૯ મેડલ, ડેફ ઓલિમ્પિકમાં ૨૦ મેડલ, કોમનવેલ્થ ગેમ્સમાં ૨૧ મેડલ જીત્યા હતા. ભલે તે આજ સુધી થોમસ કપ જીત્યો ન હતો, પરંતુ તેમાં પણ તેમણે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આપણે ૬૦ વર્ષમાં યુનિવર્સિટી ગેમ્સમાં ૧૮ મેડલ જીત્યા હતા, આ વખતે આપણે ૨૬ મેડલ જીત્યા હતા જેમાંથી ૧૦ ગોલ્ડ મેડલ છે અને હવે આપણે એશિયન ગેમ્સમાં ૧૦૭ મેડલ જીતીને ૧૦૦નો આંકડો પાર કર્યો છે અને આ પહેલા આપણી મહિલા ખેલાડી ૪ વખત વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયન બની ગઈ છે. જો તમે એક પછી એક મેચમાં જુઓ તો ભારતે સતત શાનદાર પ્રદર્શન કર્યુ છે. આ વખતે એશિયન ગેમ્સના ૭૨ વર્ષના ઈતિહાસમાં આપણા ખેલાડીઓએ ઘણા વર્લ્ડ રેકોર્ડ તોડ્યા છે અને ઘણા એશિયન રેકોર્ડ પણ બનાવ્યા છે. એથ્લેટિક્સમાં ૨૯ મેડલ, શૂટિંગમાં ૨૨ મેડલ, તીરંદાજીમાં ૯ મેડલ જીત્યા છે.



**૨) ૨૦૧૮ની સાપેક્ષે, ૨૦૨૨માં એવું શું બન્યું જેણે આવા પરિણામોની ખાતરી આપી?**

૨૦૧૮માં આપણી પાસે ૭૦ મેડલ હતા, ૨૦૨૨માં આપણને ૧૦૭ મેડલ મળ્યા. આ ગોલ્ડ મેડલની સંખ્યામાં ૫૨ ટકા અને ૭૫ ટકાનો વધારો છે. ૨૦૨૦માં પણ, આપણે અત્યાર સુધીના સૌથી ઐતિહાસિક ઓલિમ્પિક્સ, પેરાલિમ્પિક્સ અને ડેફલિમ્પિક્સના સાક્ષી બન્યા છીએ. સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમમાં આપણા એથ્લેટ્સ અને કોચ અને સપોર્ટ સ્ટાફની સખત મહેનતને કારણે આ શક્ય બન્યું છે. એ પણ સાચું છે કે રમતવીરોએ હંમેશા સખત મહેનત કરી છે, તો આ વખતે શું બદલાયું છે? માનનીય પ્રધાનમંત્રી મોદીજીના વિઝન અને ભારતીય રમતગમત પર વિશેષ ભારના લીધે આપણા માટે નવા રેકોર્ડના દ્વાર ખુલ્યા છે. આજે, આપણા દેશની સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમમાં એક પિરામિડ માળખું છે જે સમગ્ર દેશમાં સામાન્યથી લઈને ભદ્ર વર્ગ સુધીની પ્રતિભાઓને શોધે છે અને તેનું જતન કરે છે. ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ યોજના ૨૦૧૪માં માનનીય મોદીજીના વિઝન સાથે શરૂ કરવામાં આવી હતી. તે ઈચ્છતા હતા કે પ્રતિભાશાળી ખેલાડીઓને દરેક સુવિધા મળવી જોઈએ જેથી તેઓ વિશ્વસ્તરીય પરિણામો લાવી શકે. આજે આ યોજનાએ અભૂતપૂર્વ પરિણામો આપ્યા છે.આપણી પાસે ટોપ્સ સ્કીમ હેઠળ ખેલાડીઓની બે શ્રેણી છે: ડેવલપિંગ અને એલિટ. આ બંને વર્ગો માટે, સરકાર તાલીમ, ખોરાક, વિદેશી અનુભવ અને સાધનો પ્રદાન કરે છે. આ સાથે, આ બંને વર્ગોને માસિક ખર્ચ મળે છે: ભદ્ર વર્ગ માટે દર મહિને ૫૦૦૦૦ અને વિકાસશીલ વર્ગ માટે દર મહિને ૨૫૦૦૦, અને આ સાથે તેઓ તેમના પરિવારની સંભાળ રાખવામાં પણ સક્ષમ છે. ખેલો ઈન્ડિયા યોજના ૨૦૧૮માં શરૂ કરવામાં આવી હતી, જે અંતર્ગત દેશના ખૂણે-ખૂણેથી ટેલેન્ટને શોધવાની અને તેમને તાલીમ આપવાની જવાબદારી લેવામાં આવી હતી. ખેલો ઈન્ડિયા સ્કીમના ઘણા એથ્લેટ્સ આજે ટોપ્સ સ્કીમ હેઠળ અમારા ચુનંદા વર્ગના ખેલાડીઓ છે. આ વખતે ૧૨૪ ખેલો ઈન્ડિયા એથ્લેટ્સે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું, જેમાંથી મોટા ભાગના ટોપ્સ સ્કીમના હતા. આપણા ખેલાડીઓની રમતમાં સુધારો થયો છે અને તમામ સ્તરેથી સમર્થન મળી રહ્યું છે.

ખેલો ઈન્ડિયા એથ્લેટ્સ ન માત્ર આ એ.આઈ. તાલીમ અને ખેલો ઈન્ડિયાનો ભાગ છે, ઉપરાંત તેઓને મફત કોચિંગ, રૂમ, ભોજન અને રૂ. ૧૦,૦૦૦નો માસિક ખર્ચ પણ મળે છે. અમે દેશના અલગ-અલગ ભાગોમાં રમતગમતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ બનાવ્યું છે જેથી દરેક ખેલાડીને વહેલી તકે એક્સપોઝર મળી શકે. આજે દેશભરમાં ૭૫૦ ખેલો ઈન્ડિયા સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે અને આપણે આવતા વર્ષ સુધીમાં આ સંખ્યા વધારીને ૧૦૦૦ કરવાની છે. ૨૦૧૩-૧૪ની સરખામણીએ ૨૦૨૨-૨૩માં અમારા રમતગમતના બજેટમાં ત્રણ ગણો વધારો થયો છે. અમારી આ પહેલને કારણે દરેક ખેલાડીને ૩૬૦ ડિગ્રી સપોર્ટ મળ્યો અને આ મહેનતે જ આપણને આ ફળ આપ્યું છે.

**૩) એશિયન ગેમ્સ માટે રમતવીરોને કેવા પ્રકારનું સમર્થન આપવામાં આવ્યું?**

કોમનવેલ્થ ગેમ્સ બાદ એશિયન ગેમ્સ માટે ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અમે કોચ, ડિરેક્ટર, મેનેજર, ફિઝિયો સ્ટાફ, સાયકોલોજિસ્ટ જેવા ૨૭૫ વિદેશી નિષ્ણાતોની પણ નિમણૂક કરી છે. આ સિવાય ૭૫ વખત વિદેશનો અનુભવ પણ આપવામાં આવ્યો હતો. યોજના હેઠળ દરેક ખેલાડીને વિશેષ સહાય પણ આપવામાં આવે છે. નીરજ ચોપરા, સાત્વિક, ચિરાગ શેટ્ટી, શરથ કમલ, વિષ્ણુ સરવનન જેવા ખેલાડીઓને આનાથી ઘણો ફાયદો થયો છે, જેના કારણે તેમને વિદેશી અનુભવ, રમતગમતના સાધનો, તાલીમ, કોચ અને સપોર્ટ સ્ટાફની નિમણૂક મળી છે. રમતવીરોની જરૂરિયાત મુજબ તેઓ આંતરરાષ્ટ્રીય સુવિધાઓ સાથે વિદેશમાં પણ તાલીમ મેળવે છે.



## હેર ટ્રાન્સપ્લાન્ટેશન માટે લોકો જંગી નાણાં ખર્ચ કરી નાંખે છે ....

**સારવાર માટે લોકો હેર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયાને અપનાવે છે પરંતુ આની સાથે જોડાયેલી સાવચેતી તેમની પાસે નહી હોવાના કારણે આવા લોકોને કેટલીક સમસ્યાનો સામનો કરવો પડે છે હાલમાં જ આવા કેટલાક મામલા સપાટી પર આવી ચુક્યા છે**

# ખરતા વાળને લઇને લોકો પરેશાન

**વાળ ખરવા માટે કેટલાક કારણો રહેલા છે : બે ટેકનિકથી હેર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે : વાળ ખરવાની સમસ્યા જટિલ**

વાળ ખરી પડવાની પ્રક્રિયાથી દુનિયાના મોટા ભાગના પુરૂષો પરેશાન થયેલા છે. જંગી રકમ પણ વાળ ન ખરી પડે અથવા તો વાળ ખરી પડ્યા બાદ વાળ માટે કરે છે.પુરૂષોમાં વાળ ખરી પડવાની બાબત વધારે જોવા મળે છે. સારવાર માટે લોકો હેર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયાને અપનાવે છે. પરંતુ આની સાથે જોડાયેલી સાવચેતી તેમની પાસે નહી હોવાના કારણે આવા લોકોને કેટલીક સમસ્યાનો સામનો કરવો પડે છે. હાલમાં જ આવા કેટલાક મામલા સપાટી પર આવી ચુક્યા છે. આ પ્રક્રિયા દરમિયાન એક વ્યક્તિનુ તો મોત પણ થઈ ગયુ હતુ.



હેર ટ્રાન્સપ્લાન્ટ અને તેની સાથે જોડાયેલી સાવધાન પર અમે આજે વાત કરી રહ્યા છીએ. વાળના સ્વાસ્થ માટે વિટામિન, બાયોટિન અને મિનરલ યુક્ત ભોજન ઉપયોગી સાબિત થાય છે. બાદામ, મગફળી પણ ઉપયોગી સાબિત થાય છે. વધારે પડતા ટેન્શન, સતત કેમિકલયુક્ત પેદાશોના ઉપયોગ અને વારંવાર શેમ્પુ અને અન્ય પેદાશોના બદલવાના કારણે આ તકલીફ થાય છે. હાર્મોનલ ફેરફાર પણ અસર કરે છે. સમય કરતા પહેલા અથવા તો ચોક્કસ વય બાદ હાર્મોનમાં ફેરફાર થાય છે. મહિલાઓમાં તાઈરોઈડ હાર્મોન, લોહીની કમી અને પીસીઓડીની સમસ્યાથી વાળ ખરી પડે છે. પુરૂષોમાં જોવા મળનાર ટેસ્ટોસ્ટેરોન હાર્મોન ડિહાઈડ્રોસ્ટોસ્ટેરોનમાં ફેરવાઈ જાય છે ત્યારે માથાના આગળના વાળ ખરી પડે છે. બે ટેકનિક મારફતે હેર ટ્રાન્સપ્લાન્ટની વિધી કરવામાં આવી છે. ફોલિક્યુલર યુનિટ ટ્રાન્સપ્લાન્ટેશનની એક પ્રક્રિયા છે. જેમાં માથાના પાછળના હિસ્સાથી બે સેન્ટીમીટર પહોળા કદમાં ચામડી કાઢી લેવામાં આવે છે. ત્યારબાદ તેંમાંથી વાળને અલગ કરીને માથાના આગળના હિસ્સા પર મેડિકેટેડ સોઈ મારફતે વાળ ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે.

એ ગાળા દરમિયાન જે જગ્યાએ ચામડી લેવામાં આવે છે ત્યાં ટાંકા લગાવી દેવામાં આવે છે. ત્યારબાદ નિશાન દેખાતા નથી. અન્ય એક ટેકનિક ફોલિક્યુલર યુનિટ એક્સટ્રેક્શન છે. જેના ભાગરૂપે એક ખાસ પ્રકારની મશીનથી માથાના પાછળના હિસ્સાથી એક એક વાળ કાઢીને માથાના આગળના હિસ્સામાં ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે. સર્જરી કરવામાં આવ્યા બાદ આગામી ૭થી ૧૦ દિવસ સુધી વાળને સ્પર્શ કરી શકાય નહી.

આ ગાળા દરમિયાન બે ત્રણ દિવસ માટે પ્રભાવી જગ્યાએ પટ્ટી કરવામાં આવે છે. સાથે સાથે હેલમેટ અને ટોપી ન પહેરવા માટે કહેવામાં આવે છે. દર્દીને ચાર પાંચ દિવસ સુધી એન્ટીબાયોટિક અને પેઈન કિલર આપવામાં આવે છે. જેથી પીડા થતી નથી. આનાથી ઈન્ફેક્શનની શક્યતા ઘટી જાય છે. સમયમાં ભાગદોડ ભરેલી લાઈફસ્ટાઈલ, સ્ટ્રેસ, હાર્મોનને લઈને અસમતુલા અને અયોગ્ય સારસંભાળના પરિણામ સ્વરૂપે ઘણીબધી સમસ્યાઓની સાથે સાથે માથાના વાળ ખરવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. માથામાં વાળ ખરી પડવાની સમસ્યા એટલી જટિલ બની છે કે હેરફોલને રોકવા માટે જે કંપનીઓ મેદાનમાં છે અને આની સારવાર માટેનો દાવો કરે છે તે કંપનીઓ અભૂતપૂર્વ નાણાં કમાઈ રહી છે. હેરફોલને રોકવા માટે શું કરવામાં આવે તેના માટે કઈ દવા લેવામાં આવે, તેના માટે કયા લોશનનો ઉપયોગ કરવામાં આવે તેને લઈને તમામને પ્રશ્ન સતાવી રહે છે.

આવા સમયમાં આની સાથે જોડાયેલી કેટલીક કંપનીઓ અને નિષ્ણાંત લોકોનું કહેવું છે કે હેરફોલને રોકવાની બાબત કોઈ સરળ પ્રક્રિયા નથી. પરંતુ જો સાવધાનીપૂર્વક ડાયટ સાથે આગળ વધવામાં આવે અને પૂરતા પ્રમાણમાં પોષક તત્વોનો ઉપયોગ કરવામાં આવે તો આવી સ્થિતિમાં વાળ ખરી પડવાની સમસ્યાને રોકી શકાય છે. એવા પોષકતત્વો ભોજનમાં લેવા જોઈએ જેમાં વધુ પ્રમાણમાં વિશેષપ્રકારના તત્વો રહેલા હોય. ઓમેગા-૩ ફેટીએસિડ, ઝિંક, પ્રોટીન, બાયોર્ટિન, આયરન અને વિટામિન-ડી જેવી ચીજવસ્તુઓ ભોજનમાં વધુ પ્રમાણમાં લેવામાં આવે તો હેલ્થીહેર મેળવવામાં મદદરૂપ બની શકે છે.



## ફેશન નહીં પરંતુ રૂટીન ટેવ બનતા રસોડા ઇતિહાસ બની જશે

**હવે મોટા શહેરોથી લઇને નાના શહેરોમાં પમ બહારથી ભોજન મંગાવવાની બાબત કોઇ ફેશન નહીં બલ્કે એક ટેવ બની રહી છે રૂટીન હિસ્સા તરીકે બહારથી ભોજન મંગાવવાની બાબત બની રહી છે ત્યારે હવે ભવિષ્યમાં ઘરના રસોડા ખતમ થઇ શકે છે**

# હવે બહારથી ભોજન મંગાવવાનો ક્રેઝ

**જે પરિવારમાં પતિ અને પત્નિ બંને કામ કરે છે ત્યાં દિવસમાં કમ સે કમ એક વખત બહારથી ભોજન મંગાવવામાં આવે છે**

ટુંક સમયમાં જ જે ચીજો અમારી લાઈફમાંથી વિદાય લેનાર છે તેમાં ઘરમાં રહેલા રસોડા પણ સામેલ છે. સિોડા હવે ઈતિહાસ બની જાય તેવી શક્યતા છે. હવે મોટા શહેરોથી લઈને નાના શહેરોમાં પમ બહારથી ભોજન મંગાવવાની બાબત કોઈ ફેશન નહીં બલ્કે એક ટેવ બની રહી છે. રૂટીન હિસ્સા તરીકે બહારથી ભોજન મંગાવવાની બાબત બની રહી છે ત્યારે હવે ભવિષ્યમાં ઘરના રસોડા ખતમ થઈ શકે છે. નિયમિત જવનના હિસ્સા તરીકે આને ગણવામાં આવે છે. એવા પરિવારમાં જ્યાં પતિ અને પત્નિ બંને નોકરી કરે છે અથવા તો પત્નિ હાઉસવાઈફ છે અને ઘરમાં એક નાના બાળક છે તો તે ઘરમાં બંને સમયમાં અથવા તો કમ સે કમ એક વખતે બહારથી ભોજન મંગાવવામાં આવે છે. મોટી વયમાં પહોંચી રહેલા પતિ અને પત્નિ અને જેમના બાળકો



બહાર રહે છે તેવા લોકો પણ સામાન્ય રીતે ભોજન બહારથી મંગાવેછે. જ્યારથી કેટલીક કંપનીઓ અલગ અલગ રેસ્ટોરન્ટથી ભોજન બહારથી મંગાવીને ઘરે પહોંચાડી દેવા લાગી છે ત્યારે આ સિલસિલો વધારે ઝડપથી વધી રહ્યો છે. હવે ઓનલાઈન ભોજન મંગાવવાની પણ ફેશન છે. આમાં ખર્ચ પણ એટલો જ થાય છે. અનાજ, તેલ, શાકભાજી અને અન્ય ચીજો મારફતે જેટલો ખર્ચ થાય છે તેટલો જ ખર્ચ આમા પણ થાય છે. હવે રસોડામાં સામાન્ય રીતે સન્નાટો રહે છે. ક્યારેય ક્યારેય ચા બનાવવા માટે રસોડામાં લોકો જાય છે. હવે મોટા ભાગની ચીજો રેડી ટુ કુક આવવા લાગી ગઈ છે. પેકેટ ખોલીને તરત જ તૈયાર કરી શકાય છે. આવી રીતે કેટલીક ચીજો આવવા લાગી ગઈ છે. જાણકાર લોકો માની રહ્યા છે કે ટુંક સમયમાં જ ભારતમાં પેકેજ્ડ ભોજનનુ પ્રમાણ વધી જશે. શક્ય છે કે આજથી થોડાક વર્ષ બાદ રસોડા વગર મકાન બનાવવાની શરૂઆત કરવામાં આવશે. અથવા તો એક નાનકડા હિસ્સાને રસોડા તરીકે રાખવામાં આવશે. જેમાં ગેસ સિલિન્ડર પણ આવી શકશે નહીં. એટલે કે રસોડાની હાજરી પ્રતિકાત્મક રીતે રહી જશે. રસોડા ખતમ થવાની સ્થિતીમાં દુખ મનાવવા માટે કોઈ કારણ નથી. વિતેલા વર્ષોમાં રૂઢીવાદી પરિવારમાં પુત્રવધુને રસોડાથી બહાર નિકળવા માટેની તક જ મળતી ન હતી. કેટલીક વખત તો મહેમાન આવી જવાની સ્થિતીમાં એક જ પુત્રવધુ ૭૦-૮૦ રોટલી બનાવતી હતી. રોટલી બનાવતી બનાવતી કેટલીક મહિલાઓ તો બિમાર પણ થઈ જતી હતી. તમામને ભોજન ખવડાવનાર મહિલા જ કેટલીક વખત તો ભુખી રહી જતી હતી. તાજેતરના આધુનિક સમયમાં કેટલાક પુરૂષો પણ રસોડામાં પ્રવેશી ગયા છે અને પોતાની પત્નિને રસોડામાં તમામ પ્રકારની મદદ કરે છે. રસોડાની આગમાં કેટલીક મહિલાઓની મહત્વકાંક્ષા તો સ્વાહા થઈ ગઈ છે. પુરૂષોએ રસોડામાં એન્ટ્રી કરીને કેટલાક કેસોમાં મહિલાઓના બોજને ઘટાડી દેવામાં ભૂમિકા અદા કરી છે. રસોડાના અસ્તિત્વ સામે હવે સંકટ જોવા મળે છે. સામાન્ય લોકોમાં આને લઈને હાલમાં જોરદાર ચર્ચા પણ છેડાયેલી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

**શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડી દેતા કંગના રનૌતે કહ્યું-**

# 'મુસ્લિમ દેશોમાં કોઈ સુરક્ષિત નથી...ખુદ મુસ્લિમ પણ નથી'



વિદ્યાર્થીઓના ઉગ્ર વિરોધ બાદ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દીધું અને પોતાનો દેશ છોડીને ભારત આવી ગયા. દુનિયાની નજર આ સમગ્ર મામલા પર ટકેલી છે. આ દરમિયાન સાંસદ-અભિનેત્રી કંગના રનૌતે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. કંગનાએ આ મામલાને લોકોની સુરક્ષા સાથે જોડીને ધાર્મિક એંગલ આપ્યો છે. કંગનાના કહેવા પ્રમાણે, મુસ્લિમ દેશમાં જે પણ રહે છે તે સુરક્ષિત નથી. ખુદ મુસ્લિમ લોકો પણ નથી. શેખ હસીનાએ રાજીનામું આપ ીને દેશ છોડવાના સમાચાર શેર કરતાં કંગનાએ ઠ પર લખ્યું- ભારત આપણી આસપાસના તમામ ઈસ્લામિક ગણરાજ્યની મૂળ માતૃભૂમિ છે. બાંગ્લાદેશના માનનીય વડાપ્રધાન ભારતમાં સલામતી અનુભવે છે એ જાણીને આપણે સન્માનિત અને ખુશ છીએ, પરંતુ ભારતમાં રહેતા તમામ લોકો પૂછતા રહે છે કે હિન્દુ રાષ્ટ્ર કેમ? રામ રાજ્ય શા માટે? સારું, શા માટે તે સ્પષ્ટ છે !!! મુસ્લિમ દેશોમાં કોઈ સુરક્ષિત નથી. ખુદ મુસ્લિમો પણ નહીં. અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને બ્રિટનમાં જે કંઈ થઈ રહ્યું છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણે રામ રાજ્યમાં રહીએ છીએ. જય શ્રી રામ !! તમને જણાવી દઈએ કે, શેખ હસીના સરકારે ૧૯૭૧માં બાંગ્લાદેશની આઝાદી માટે લડનારા સ્વાતંત્ર્ય સેનાનીઓના સંબંધીઓ માટે ઘણી સિવિલ સેવાઓમાં આરક્ષણની જાહેરાત કરી હતી.

# રિષભ શેટ્ટીનો બોલિવૂડ પર ભારતને ખરાબ ચિતરવાનો આક્ષેપ કર્યો

**રિષભ શેટ્ટીની એક ઇન્ટરવ્યુ ક્લિપ વાયરલ થઈ રહી છે**



કન્નડા એક્ટર અને ફિલ્મમેકર રિષભ શેટ્ટી ૨૦૨૨માં તેની ફિલ્મ 'કંતારા'થી સમગ્ર દેશને ચકીત કરી દીધો હતો. તાજેતરમાં જ આ ફિલ્મ માટે તેને બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ જાહેર થયો ત્યારે ફરી તે ચર્ચામાં આવ્યો છે. હવે આ નેશનલ એવોર્ડ પછી તેણે આગામી કન્નડા ફિલ્મ 'લાફિંગ બુદ્ધા'નું પ્રમોશન શરૂ કરી દીધું છે. જેમાં પ્રમોદ શેટ્ટી મુખ્ય રોલમાં હશે. જોકે, તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે કરેલાં નિવેદને વિવાદ જગાવ્યો છે. રિષભ શેટ્ટીની એક ઈન્ટરવ્યુ ક્લિપ વાયરલ થઈ રહી છે, જેમાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ્સમાં ભારતની છબિ રજૂ કરવા બદલ બોલિવૂડની ટીકા કરી છે. આ વીડિયોમાં કન્નડા ભાષામાં જ વાત કરતા રિષભ શેટ્ટીએ પોતાનો બળાપો કાઢતાં કહ્યું કે બોલિવૂડ મોટા ભાગે વૈશ્વિક સ્તરે ભારતને ખરાબ ચિતરે છે. તેણે કહ્યું,"ભારતીય ફિલ્મો અને ખાસ કરીને બોલિવૂડ, ભારતને ખરાબ રીતે દર્શાવે છે. આ પ્રકારની ફિલ્મોને વૈશ્વિક સમારોહમાં આણંત્રણ આપવામાં આવે છે અને તેમના માટે લાલ જાજમ બિછાવવામાં આવે છે. મારો દેશ, મારું રાજ્ય, મારી ભાષા, મારું ગૌરવ. તો પછી વિશ્વકક્ષાએ હકારાત્મક ફિલ્મો કેમ નથી બતાવતા? હું એ જ દર્શાવવાની કોશિશ કરું છું." રિષભ શેટ્ટી હવે 'કંતારા ૨' માટે પણ કામ કરી રહ્યો છે, જેનું નામ 'કંતારા:ચેપ્ટર ૧' આપવામાં આવ્યું છે. આ ફિલ્મમાં જિસ્સુ સેનગુપ્તા મહત્વના રોલમાં હશે અને આ ફિલ્મ ૨૦૨૫ની શરૂઆતમાં રિલીઝ થશે. ઓગસ્ટના છેલ્લા અઠવાડિયામાં ફિલ્મના શૂટિંગનો ચોથો તબક્કો શરૂ થશે.

# ફવાદ ખાનની કમબેક ફિલ્મનું લંડનમાં શૂટિંગ

**તાજેતરના અહેવાલો અનુસાર, ફવાદ ખાન અને વાણી કપૂરે આ ફિલ્મ માટે લંડન ખાતે ૨૮ સપ્ટેમ્બરથી શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે**



ફવાદ ખાનની 'ધ લિજન્ડ્સ ઓફ મૌલા જટ્ટ' તો ભારતમાં રિલીઝ થઈ શકી નહીં, પરંતુ તેની બોલિલૂડ કમબેક ફિલ્મનું કામ યોગ્ય ગતિમાં ચાલી રહ્યું હોવાના અહેવાલો છે. હાલ આ ફિલ્મનું નામ 'અબીર ગુલાલ' હોવાનું કહેવામાં આવી રહ્યું છે, છેલ્લે ફવાદ ૨૦૧૬માં આવેલી 'એ દિલ હે મુશ્કિલ'માં જોવા મળ્યો હતો. તાજેતરના અહેવાલો અનુસાર, ફવાદ ખાન અને વાણી કપૂરે આ ફિલ્મ માટે લંડન ખાતે ૨૮ સપ્ટેમ્બરથી શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે. ત્યાર બાદ તે ભારતમાં શૂટ માટે આવે તેવી પણ શક્યતાઓ છે. ફિલ્મ સાથે સંકળાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, "આ ફિલ્મ લંડનમાં રહેતા એક શેફ તેમજ એક સીધી સાદી ભારતીય છોકરીની સ્ટોરી છે, જે લંડનની મુલાકાતે ગઈ હોય છે. આ ફિલ્મ માટે ૧૦ નવેમ્બર સુધી લંડનમાં શૂટ ચાલશે. થોડાં દિવસો પછી મલાઈકા અરોરા અને રિદ્ધી ડોગરા પણ શૂટ માટે લંડન પહોંચશે. ત્યાર પછી ફવાદ પાકિસ્તાન પાછો ફરશે, જ્યારે ફિલ્મની ટીમ મુંબઈમાં આગળનું શૂટ કરશે. મોટા ભાગના દૃશ્યો અને ગીતો લંડનમાં જ શૂટ કરવામાં આવશે."'ઉડતા પંજાબ', 'સુપર ૩૦' અને 'વિક્રમ વેધા' જેવી ફિલ્મોના પ્રોડ્યુસર વિવેક અગ્રવાલ આ ફિલ્મ પ્રોડ્યુસ કરી રહ્યા છે તેમજ આરતી બગડી આ ફિલ્મ ડિરેક્ટ કરે છે. ૨૦૨૫ સુધીમાં આ ફિલ્મનું શૂટ પૂરું થઈ જશે. તેમજ ૨૦૨૬ની શરૂઆતમાં ફિલ્મ રિલીઝ થશે. ફવાદ ખાન અને માહિરા ખાનની 'લિજેન્ડ્ઝ ઓફ મૌલા જટ્ટ' પંજાબમાં ૨ ઓક્ટોબરે રિલીઝ થવાની હતી. પરંતુ તેનો વિરોધ થતાં રિલીઝ અટકાવી દેવામાં આવી છે.

# બેડ ન્યૂઝઃ કેટરિનાએ તૃપ્તિ સાથે રોમાન્સને બિરદાવતાં વિકીને રાહત



થોડાં દિવસ પહેલાં જ વિકી કૌશલની આગામી ફિલ્મ 'બેડ ન્યૂઝ'નું ગીત 'તૌબા તૌબા' રિલીઝ થયું છે, જેમાં તેના ડાન્સને ઘણી સરાહના મળી રહી છે. ત્યારે હવે વિકીએ કહ્યું છે કે આ સોંગ કેટરિનાને પણ ગમ્યું છે. તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં વિકીએ જણાવ્યું હતું કે, જ્યારે કેટરિનાએ આ ગીત પર મંજૂરીનો સિક્કો માર્યો ત્યારે તેને મોટી રાહત થઈ હતી. વિકીએ આ અંગે વિગતે કહ્યું, "સૌથી મોટી રાહત થઈ જ્યારે કેટરિનાએ આ ગીતને માન્ય ગણ્યું, તેણે કહ્યું આ સરસ છે. મને થયું, હાશ.." આ હાશકારા પાછળના કારણની વાત કરતાં વિકીએ કહ્યું,"એ મને કહ્યાં કરે છે, મને ખબર છે કે તને ડાન્સ કરવો ગમે છે પણ તું જાનૈયા જેવો ડાન્સર છું, ટ્રેઈન થયેલો નહીં. તેથી જ એને ગમ્યું ત્યારે મેં મન પર લઈ લીધું.


# જાન્હવી કપૂરની બીજી તેલુગુ ફિલ્મનું મૈસૂરુમાં શૂટિંગ શરૂ

**ડાયરેક્ટરે ચામંડેશ્વરી માતાના દર્શન બાદ શરૂઆત કરી**

જુનિયર એનટીઆર સાથે 'દેવરા'ની રિલીઝ પછી જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મનું શૂટિંગ શરૂ થયું છે. મૈસૂરુમાં ચામુંડેશ્વરી માતાના મંદિરમાં દર્શન બાદ ડાયરેક્ટર બુચી બાબુએ ફિલ્મની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં જાન્હવીની સાથે લીડ રોલમાં રામચરન છે. ફિલ્મની લીડ કાસ્ટ સોમવારથી શૂટિંગમાં જોડાઈ શકે છે. ડાયરેક્ટર બુચીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી માતાના દર્શન બાદ શુભેચ્છકોના આશીર્વાદ માગ્યા હતા. જાન્હવીએ પ્રાર્થના અને તાળીઓની ઈમોજી સાથે આ પોસ્ટ પર રીએક્ટ કર્યું હતું. 'મગધીરા'માં રામચરન સાથે કામ કરનારા દેવ ગિલે પણ કોમેન્ટ કરી હતી. ફિલ્મમાં જગપતિ બાબુનો મહત્ત્વનો રોલ છે અને તેઓ પોતાના દમદાર રોલથી આખી ફિલ્મ પર છવાઈ જવા તૈયાર છે. જગપતિ અને રામચરને અગાઉ ડાયરેક્ટર સુકુમારની ફિલ્મ રંગસ્થલમમાં સાથે કામ કરેલું છે. જાન્હવી અને રામચરન પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. રામચરન અને જાન્હવીના સ્ક્રિન શેરના દૃશ્યો સોમવારે શૂટ થઈ શકે છે. આ ફિલ્મ માટે રામચરને આકરી મહેનત કરીને ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન કર્યું છે. જાન્હવી અને રામચરન સાથે પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવાનું આયોજન થયું છે. જાન્હવીએ જુનિયર એનટીઆર સાથે કરેલી 'દેવરા'ને બોક્સઓફિસ પર ઠંડો રિસ્પોન્સ મળ્યો હતો. રામચરન સાથેની આગામી ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. તેને હાલ આરસી૧૬ તરીકે ઓળખવામાં આવે છે. જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મને કેવો રિસ્પોન્સ મળે છે તે જોવું રહ્યું.



# ડેબ્યુ કરતાની સાથે જ ૧૦૭ ફિલ્મો સાઈન કરી, ૩૯ વર્ષથી ગુમનામ છે એક્ટર!



૮૦ના દાયકામાં હિન્દી સિનેમામાં એક એવા એક્ટરે એન્ટ્રી કરી, જેને જોવા સલમાન ખાન અને સંજય દત્ત જેવા સ્ટાર પણ આવતા હતા. ડેબ્યૂ કરતાં જ આ એક્ટરે ધમાલ મચાવી દીધી. ગોવિંદા અને ધર્મેન્દ્રએ તો આ એક્ટરની સાથે કામ કરવાથી પણ ના પાડી દીધી હતી.જબરદસ્ત પ ર્સનાલિટી અને સુપરહિટ બોડીના દમદાર કોમ્બિનેશનની સાથે ધમાકેદાર એક્ટિંગ ટેલેન્ટની પણ ભરમાર હતી. સાલ ૧૯૮૫માં આવેલી ફિલ્મ 'એડવેન્ચર ઑફ ટાર્ઝન'થી ફિલ્મી દુનિયામાં એન્ટ્રી કરનાર એક્ટરનું નામ છે હેમંત બિર્જે. હેમંતની ડેબ્યૂ ફિલ્મે તેમને એ ઓળખ અપાવી, જેને પામવા માટે લોકોને વર્ષો સુધી સંઘર્ષ કરવો પડે છે.સાલ ૧૯૮૫માં આવેલી ફિલ્મ 'એડવેન્ચર ઑફ ટારઝન'થી ડેબ્યૂ કરનાર હેમંત પોતાની દમદાર બૉડીને લઈને લાઈમલાઈટમાં છવાયેલા રહેતા. તે દોરમાં તેમની પર્સનાલિટી કોઈ હીરોથી ઓછી ન હતી. આ જ કારણે તે તેમની પહેલી ફિલ્મમાં છવાઈ ગયા હતા. લોકો તેમની પર્સનાલિટી અને એક્ટિંગ જોઈને ડરવા લાગ્યા, કે તેમનું કરિયર ખતરામાં છે. પરંતુ પોતાના સારા લુક્સના કારણે તેમને ઘણી ફિલ્મોથી બહાર કરવામાં આવ્યું હતું.હેમંતની ડેબ્યૂ ફિલ્મ હિટ સાબિત થઈ હતી. પોતાની પહેલી ફિલ્મ બાદ તેમને એક-બે નહીં પરંતુ ૧૦૭ ફિલ્મો સાઈન કરી હતી, પરંતુ કંઈક એવું બન્યું કે, એક-એક ફિલ્મથી એ એક્ટરે ગુમાવવી પડી.

# અભિનેતાએ કેવી રીતે પોતાને પીટવાથી બચાવ્યો?

વિકીએ જણાવ્યું કે કેવી રીતે જમીન માફિયાઓને ગેરસમજ થઈ અને તેઓ તેને મારવા જઈ રહ્યા હતા. એટલું જ નહીં, વિક્કીની ધરપકડ પણ થઈ શકી હોત. આ ઘટના ત્યારે બની જ્યારે બનારસમાં ફિલ્મના ગેરકાયદે રેતી ખનન સીનનું શૂટિંગ ચાલી રહ્યું હતું. બોલિવૂડ એક્ટર વિકી કૌશલ આ દિવસોમાં તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'બેડ ન્યૂઝ'ની સફળતાનો આનંદ માણી રહ્યો છે. અભિનેતાએ ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. પરંતુ વિકીએ તેની કારકિદીની શરૂઆત આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કરી હતી. અનુરાગ કશ્યપની ગેંગ્સ ઓફ વાસેપુરના શૂટિંગ દરમિયાન તેને માર મારવામાં આવ્યો હતો. વિકીએ પોતે આ સ્ટોરી શેર કરી છે. વિકીએ જણાવ્યું કે કેવી રીતે જમીન માફિયાઓને ગેરસમજ થઈ અને તેઓ તેને મારવા જઈ રહ્યા હતા. એટલું જ નહીં, વિક્કીની ધરપકડ પણ થઈ શકી હોત. આ ઘટના ત્યારે બની જ્યારે બનારસમાં ફિલ્મના ગેરકાયદે રેતી ખનન સીનનું શૂટિંગ ચાલી રહ્યું હતું. વિકીએ તન્મય ભટ્ટને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું- ફિલ્મમાં બતાવવામાં આવેલ કોલસાની દાણચોરી સાચી હતી. અમે તેને ગોળી મારી. અમે ગેરકાયદે રેતી ખનનનું સ્થળ કબજે કરવા ગયા હતા ત્યારે એક ઘટના બની હતી. મને આશ્ચર્ય થયું કારણ કે પછી મને પહેલીવાર સમજાયું કે તે એટલું ખુલ્લેઆમ થાય છે કે તમે વિચાર પણ નહીં કરો કે તે વાસ્તવમાં હેરફેર છે. તમે વિચારશો કે આ એક સારી રીતે ચાલતો ધંધો છે કારણ કે ત્યાં માત્ર બે ટ્રક પાર્ક ન હતી, ત્યાં ૫૦૦ ટ્રક પાર્ક હતી. વિકીએ વધુમાં જણાવ્યું કે જ્યારે તે ફિલ્મ કરી રહ્યો હતો ત્યારે ૫૦૦ લોકોએ તેને ઘેરી લીધો હતો.



# કામઠી રાધિકા : માતા બન્યાના આઠ દિવસમાં જ કામેં લાગી

**અભિનેત્રી રાધિકા આપ્ટે હવે જાણીતું નામ બની ગઈ છે**

ન્યુ બોર્ન બેબી સાથે રાધિકા આપ્ટેનો ફોટો વાયરલ થયો છે જેમાં તેણીબાળકના જન્મના ૮ દિવસમાં જ કામેં લાગી ગઈ હોવાનું દેખાઈ રહ્યું છે.રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે અભિનેત્રી રાધિકા આપ્ટે હવે જાણીતું નામ બની ગઈ છે. થોડા સમય પહેલા જ તેણે પોતાની પ્રેગનેન્સી અનાઉન્સ કરી હતી. લગ્નના ૧૨ વર્ષ પછી તે માતા બની છે અને તેણે એક અઠવાડિયા પહેલા જ દીકરીને જન્મ આપ્યો છે. રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે. રાધિકા આપ્ટે પોતાના ઈન્સ્ટાગ્રામ પર દિકરી સાથેનો એક ફોટો શેર કર્યો છે. આ ફોટોના કેપ્શનમાં તેણે લખ્યું છે કે, દીકરીના જન્મ પછી એક અઠવાડિયાના બાળક સાથે કામ ફરીથી શરૂ. જોકે રાધિકા કોમેન્ટમાં એવું નથી જણાવ્યું કે તેને દીકરીને જન્મ આપ્યો છે કે દીકરાએ. પરંતુ તેની એક મિત્ર સારા અફઝલે કોમેન્ટ કરી છે અને તેમાં તેણે લખ્યું છે સૌથી સારી છોકરીઓ.આ કોમેન્ટ પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે રાધિકા આપ્ટે એ દીકરીને જન્મ આપ્યો છે.મહત્વનું છે કે રાધિકા વર્ષ ૨૦૧૨માં બ્રિટિશ વાઈલીનીસ્ટ અને સંગીતકાર બેનેડીકટ ટેલર સાથે લગ્ન કર્યા હતા. રાધિકા આપ્ટે પોતાની પર્સનલ લાઈફને લાઈમલાઈફથી દૂર રાખે છે. રાધિકા આપ્ટેએ તેની પ્રેગ્નન્સી પણ પ્રાઈવેટ રાખી હતી.



# ૨૦૨૪ ભારત માટે ૧૯૦૧ પછીનું સૌથી ગરમ વર્ષ હતું





તમે બધા જાણો છો કે વર્ષ ૨૦૨૪ પસાર થઈ ગયું છે અને નવા વર્ષની શરૂઆત ઠંડી સાથે થઈ છે. તમારું વીતેલું વર્ષ તમને ઘણા કારણોસર ચોક્કસપણે યાદ રહેશે. આ બધી યાદોમાં તમે વધુ એક સ્મૃતિ ઉમેરો. તમને જણાવી દઈએ કે ૨૦૨૪માં ગરમીના મામલે રેકોર્ડ નોંધાયો છે. તમને જણાવી દઈએ કે ૨૦૨૪ એ ૨૦૧૬ નો રેકોર્ડ તોડી નાખ્યો છે અને ૧૯૦૧ પછી સૌથી ગરમ વર્ષ હોવાનો રેકોર્ડ બનાવ્યો છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, વર્ષ ૨૦૨૪ને ૧૯૦૧ પછીનું સૌથી ગરમ વર્ષ જાહેર કરવામાં આવ્યું છે.તમને જણાવી દઈએ કે વર્ચ્યુઅલ પ્રેસ બ્રીફિંગમાં આઈએમડીના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે ૨૦૨૪માં વાર્ષિક સરેરાશ જમીનની સપાટીનું હવાનું તાપમાન લાંબા ગાળાના સરેરાશ (૧૯૯૧-૨૦૨૦ સમયગાળા) કરતા ૦.૬૫ ડિગ્રી સેલ્સિયસ વધારે હતું. આ ૨૦૧૬ માં અગાઉના રેકોર્ડને વટાવી ગયો, જ્યારે સરેરાશ તાપમાન સામાન્ય કરતા ૦.૫૪ ડિગ્રી સેલ્સિયસ વધારે હતું.પ્રેસ બ્રીફિંગમાં,આઈએમડીના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ પણ ભારપૂર્વક જણાવ્યું કે આબોહવા પગલાંની જરૂર છે.જો દિલ્હીના તાપમાનની વાત કરીએ તો હાલમાં દિલ્હીમાં ઠંડીથી રાહત મળવાની કોઈ શક્યતા નથી.

## કાર્તિક આર્યન વર્ષના પ્રથમ દિવસે બાપ્પાના દર્શન કરવા સિદ્ધિવિનાયક પહોંચ્યો



| મુંબઇ, તા.૧ |

સમગ્ર દેશ પોતાની આગવી શૈલીમાં નવા વર્ષની ઉજવણીમાં ડૂબી ગયો છે. બીજી તરફ, કાર્તિક આર્યન વર્ષ ૨૦૨૫ ના પહેલા દિવસે સિદ્ધિવિનાયક મંદિર ગયો હતો અને ભગવાન પાસે આશીર્વાદ માંગ્યા હતા. તેની તાજેતરની ઈવેન્ટમાં તેની દાઢીએ બધાનું ધ્યાન ખેંચ્યું હતું. અભિનેતાના ફેન્સ સોશિયલ મીડિયા પર તેનો લુક ખૂબ પસંદ કરી રહ્યા છે.૧ જાન્યુઆરી એટલે કે નવા વર્ષના દિવસે, કાર્તિક આર્યન ભગવાન ગણેશના આશીર્વાદ લેવા માટે મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરની મુલાકાત લેતા જોવા મળ્યા હતા. પેપ્સ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં અભિનેતા હાથ જોડીને મંદિર પરિસરમાં પ્રવેશતો જોવા મળ્યો હતો. પૂજા કર્યા પછી અને મંદિરની બહાર આવ્યા પછી, કાર્તિક તેના ગળામાં લાલ અને પીળો દુપટ્ટો પહેરેલો જોવા મળ્યો હતો. અભિનેતાએ તેના કપાળ પર તિલક પણ લગાવ્યું હતું. આ વર્ષ ૨૦૨૪ કાર્તિક આર્યન માટે બે ફિલ્મો, ચંદુ ચેમ્પિયન અને ભૂલ ભુલૈયા ૩ સાથે ખૂબ મહત્વનું હતું.

### ૧૭ હજાર ૮૦૦ વાહનોના ચલણ જારી કરવામાં આવ્યા

## નવા વર્ષની ઉજવણી દરમિયાન લોકો ટ્રાફિક નિયમો ભૂલી ગયા । પોલીસ દ્વારા ૮૯ લાખનું ચલણ જારી

**૫૩ લોકો દારૂ પીને વાહન ચલાવતા ઝડપાયા । ૨૮૯૩ લોકો અનિયમિત રીતે વાહન ચલાવતા જોવા મળ્યા હતા, લાલ લાઇટ જમ્પ કરવા બદલ ૧૭૩૧ વાહનોના ચલણ**

| મુંબઈ, તા.૧ |

નવા વર્ષ નિમિત્તે મુંબઈમાં લોકોએ ટ્રાફિકના નિયમોનું ખૂબ ઉલ્લંઘન કર્યું. પોલીસે આપેલી માહિતી મુજબ, નવા વર્ષ નિમિત્તે મુંબઈ પોલીસે મોડી રાતે ઓપરેશન હાથ ધર્યું હતું. આ સમયગાળા દરમિયાન ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને ઈ-ચલણ ઈશ્યુ કરવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે નવા વર્ષ નિમિત્તે ૧૭ હજાર ૮૦૦ વાહનોના ચલણ જારી કરવામાં આવ્યા છે.પોલીસે જણાવ્યું હતું કે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને કુલ ૮૯,૧૯,૭૫૦ રૂપિયાના ચલણ જારી કરવામાં આવ્યા હતા. ૧૫૩ લોકો દારૂ પીને વાહન ચલાવતા ઝડપાયા હતા. ૨૮૯૩ લોકો અનિયમિત રીતે વાહન ચલાવતા જોવા મળ્યા હતા. ટ્રાફિક પોલીસે જણાવ્યું કે નવા વર્ષ પર લાલ લાઈટ જમ્પ કરવા બદલ ૧૭૩૧ વાહનોના ચલણ આપવામાં આવ્યા હતા. જ્યારે નો એન્ટ્રી



ઝોનમાં ૮૬૮ વાહનોના ચલણ કરવામાં આવ્યા હતા. જ્યારે ઓવર સ્પીડિંગ બદલ ૮૪૨ વાહનોના ચલણ કરવામાં આવ્યા હતા.ત્રણ લોકોને બેસવા બદલ ૧૨૩ બાઈકના ચલણ કરવામાં આવ્યા હતા. વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવા બદલ રૂ.૧૦૯નું ચલણ જારી કરવામાં આવ્યું હતું. રોંગ સાઈડમાં વાહન ચલાવવા બદલ ૪૦ વાહનોના ચલણ કરવામાં આવ્યા હતા. ખતરનાક ડ્રાઈવિંગ બદલ બે લોકોના ચલણ કરવામાં આવ્યા હતા. ડ્રાઈવરે સીટ બેલ્ટ ન બાંધ્યો હોવાથી ૪૩૨ કારના ચલણ કરવામાં આવ્યા હતા. યુનિફોર્મ ન પહેરવા બદલ ૨૦૦ વાહનોના ચલણ કરવામાં આવ્યા હતા.તમને જણાવી દઈએ કે મુંબઈ ટ્રાફિક પોલીસે ગઈકાલે રાત્રે ટ્રાફિકના નિયમો તોડનારાઓ વિરુદ્ધ અભિયાન શરૂ કર્યું હતું. આ દરમિયાન લોકો નવા વર્ષની ઉજવણી દરમિયાન ટ્રાફિકના નિયમો તોડતા જોવા મળ્યા હતા.

**સંતોએ આતંકવાદી પન્નુના પોસ્ટર સળગાવ્યા**

## મહાકુંભમાં જોવા મળશે તો તેને જમીનમાં દાટી દઈશું

**જગતગુરુ પરમહંસ દાસજી મહારાજના નેતૃત્વમાં સંતોએ મહા કુંભ મેળાના સેક્ટર-૧૬માં આતંકવાદી પન્નુના પોસ્ટરને સળગાવી દીધું હતું**

| પ્રયાગરાજ,તા.૧ |

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ ઉર્ફે પન્નુની ધમકી બાદ મહાકુંભમાં આવેલા સંતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અયોધ્યા છાવણીના જગતગુરુ પરમહંસ દાસજી મહારાજના નેતૃત્વમાં સંતોએ મહા કુંભ મેળાના સેક્ટર-૧૬માં આતંકવાદી પન્નુના પોસ્ટરને સળગાવી દીધું હતું. સંતોએ તેમની વિરુદ્ધ જોરદાર નારા લગાવ્યા. સ્વામી પરમહંસ દાસે કહ્યું કે જો મહાકુંભમાં આતંકવાદી પન્નુ જોવા મળશે તો તેને જીવતો દફનાવી દેશે.સંગમની રેતી પર યોજાનાર મહાકુંભને લઈને સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરી દેવામાં આવી છે. ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની ધમકી બાદ સુરક્ષા વધુ કડક કરવામાં આવી છે. ગયા અઠવાડિયે એડીજી લો એન્ડ ઓર્ડર અમિતાભ યશે પોતે સુરક્ષાની જવાબદારી લીધી હતી. વાતચીત દરમિયાન તેમણે કહ્યું હતું કે તમામ સુરક્ષા એજન્સીઓ કોઈપણ પ્રકારની સ્થિતિ માટે તૈયાર છે.તમને જણાવી દઈએ કે સોમવારે યુપીના પીલીભીત જિલ્લામાં ત્રણ ખાલિસ્તાની આતંકવાદીઓ વીરેન્દ્ર સિંહ, ગુરવિંદર સિંહ અને જસનપ્રીત સિંહના એન્કાઉન્ટર બાદ પન્નુએ અમેરિકાથી એક વીડિયો જાહેર કરીને કહ્યું કે તે મહાકુંભમાં આ ઘટનાનો બદલો લેશે. તેણે આ કાર્યક્રમને 'હિંદુઓનો છેલ્લો મહાકુંભ' બનાવવાની અને ત્રણ શાહી સ્નાન (૧૪ જાન્યુઆરીએ મકર સંક્રાંતિ, ૨૯ જાન્યુઆરીએ મૌની અમાવસ્યા અને ૩ ફેબ્રુઆરીએ છેલ્લું શાહી સ્નાન)ને નિશાન બનાવવાની ધમકી આપી હતી. જે બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. યુપી પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દરેક ખૂણા અને ખૂણા પર નજર રાખી રહી છે. ડ્રોન અને ફેસ રેકગ્નિશન કેમેરા જેવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

## કંગના રનૌતે હિમાચલની મહિલાઓના વખાણ કર્યા



| ટોરેન્ટો, તા.૨૧ |

અભિનેત્રીમાંથી રાજનેતા બનેલી કંગના રનૌતે તાજેતરમાં તેની સોશિયલ મીડિયા સ્ટોરીઝ પર હિમાચલ પ્રદેશની મહિલાઓની પ્રશંસા કરતી એક પોસ્ટ પોસ્ટ કરી હતી. તેણીએ પોતાની જાતને એક મહેનતુ મહિલા ગણાવી હતી અને પ્રીતિ ઝિન્ટા, યામી ગૌતમ અને પ્રતિભા રંતા જેવી હિમાચલની તેની સાથી અભિનેત્રીઓની પણ પ્રશંસા કરી હતી. કંગનાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર બોલિવૂડ અભિનેત્રી પ્રીતિ ઝિંટા, યામી ગૌતમ અને પ્રતિભા રંટા સાથે પોતાની એક તસવીર શેર કરી અને લખ્યું, "હિમાચલના લોકો, જ્યારે હું હિમાચલ જાઉં છું અને જોઉં છું કે અમારી મહિલાઓ અમારા કરતાં સમાન અથવા સારી દેખાતી હોય છે, ત્યારે હું ખેતરોમાં કામ કરું છું. સખત, કોઈ ઈન્સ્ટા, કોઈ રીલ નહીં, સખત મહેનત કરો અને મારી આજીવિકા કમાવો. મને લાગે છે કે તેમને ચોક્કસ પ્રસિદ્ધિની જરૂર છે.હાલમાં જ કંગનાએ પણ હિમાચલ સ્થિત પોતાના ઘરે ક્રિસમસની ઉજવણી કરી હતી. કંગના રનૌતે તાજેતરમાં તેની સોશિયલ મીડિયા સ્ટોરીઝ પર હિમાચલ પ્રદેશની મહિલાઓની પ્રશંસા કરતી એક પોસ્ટ પોસ્ટ કરી હતી.

## મધ્યપ્રદેશના સીએમ મોહન યાદવ સીએમ આવાસ પર જનતા દરબાર કરશે

| ભોપાલ, તા.૧ |

મધ્યપ્રદેશના સીએમ મોહન યાદવ નવા વર્ષમાં એક નવો પ્રયોગ કરવા જઈ રહ્યા છે. પૂર્વ સીએમ દિગ્વિજય સિંહ અને ઉમા ભારતીની જેમ સીએમ મોહન યાદવ પણ સીએમ આવાસ પર જનતા દરબાર યોજશે. સીએમ મોહન યાદવ લોકોને મળશે અને તેમની સમસ્યાઓ સાંભળશે અને તેનું નિરાકરણ કરશે. ૬ જાન્યુઆરીના રોજ સીએમ આવાસ પર પ્રથમ જનતા દરબારનું આયોજન કરવામાં આવશે. આ માટે વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. મોહન યાદવ પહેલા રાજ્યના બે પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતી અને દિગ્વિજય સિંહે જનતા દરબાર યોજ્યો હતો. જો કે પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ક્યારેય આ અંગે કોઈ પહેલ કરી નથી.સુત્રોના જણાવ્યા અનુસાર પ્રથમ જનતા દરબાર ૬ જાન્યુઆરીએ સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધી યોજાશે. મુખ્યમંત્રી મોહન યાદવ પોતે સીએમ હાઉસ પહોંચેલા લોકોને મળશે અને તેમની સમસ્યાઓ સાંભળશે.

## જાલનામાં ભયાનક માર્ગ અકસ્માત, પાર્ક કરેલી ટ્રક સાથે કાર અથડાઈ, ૪ લોકોના મોત

| મુંબઇ,તા.૧ |

દેશભરમાં લોકો નવા વર્ષની ઉજવણીમાં ડૂબી ગયા છે. આ દરમિયાન મહારાષ્ટ્રમાંથી માર્ગ અકસ્માતના સમાચાર આવી રહ્યા છે. અગાઉ મહારાષ્ટ્રના સોલાપુરથી એક ભયાનક માર્ગ અકસ્માતના સમાચાર આવ્યા હતા. આ માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા હતા અને સાત લોકો ઘાયલ થયા હતા. તમામ લોકો તીર્થયાત્રાએ નીકળ્યા હતા અને બધા એક જ પરિવારના હતા.આ અકસ્માત અક્કલકોટ તાલુકામાં થયો હતો. આ અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં બે પુરૂષ અને બે મહિલાઓનો સમાવેશ થાય છે, જ્યારે ૭ અન્ય લોકો ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ, અક્કલકોટમાં દર્શન માટે ગંગાપુર જઈ રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી સ્કોર્પિયો અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી, જેમાં ચાર લોકોના મોત થયા હતા. તમામ શ્રદ્ધાળુઓ નાંદેડ જિલ્લાના રહેવાસી હતા. અક્કલકોટ પોલીસ અકસ્માત સ્થળે પહોંચી હતી અને ઘાયલોને તાત્કાલિક અક્કલકોટ સાર્વજનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.અન્ય એક સમાચારમાં, ઉત્તર પ્રદેશના હરદોઈ જિલ્લામાં એક ઝડપી ટ્રેક્ટર અને ભારે ટ્રેક્ટર સાથે અથડાતાં ટેમ્પોમાં સવાર બે લોકોના મોત થયા હતા અને અન્ય ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસે સોમવારે માહિતી આપી હતી કે રવિવારે સાંજે પરસોલા ગામ નજીક હરદોઈ-કનૌજ રોડના શાહપુર વળાંક પર ટ્રેક્ટર અને ટેમ્પો વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.

**ત્રણ દાયકાની પરંપરા | યાદી નવી દિલ્હી અને ઈસ્લામાબાદમાં એક સાથે રાજદ્વારી ચેનલો દ્વારા શેર કરવામાં આવી**

## ભારત અને પાકિસ્તાને પરમાણુ સ્થાપનોની યાદીની આપલે કરી

| નવીદિલ્હી, તા.૧ |

ભારત અને પાકિસ્તાને બુધવારે તેમના પરમાણુ સ્થાપનોની યાદીની આપલે કરી હતી. આ વિનિમય બંને દેશો વચ્ચેના કરાર હેઠળ કરવામાં આવ્યો છે. આ સમજૂતી બંને દેશોને એકબીજાની પરમાણુ સુવિધાઓ પર હુમલો કરતા અટકાવે છે અને તે ત્રણ દાયકાથી ચાલી આવતી પરંપરાનો એક ભાગ છે.



વિદેશ મંત્રાલયએ કહ્યું કે આ વિનિમય પરમાણુ સ્થાપનો અને સુવિધાઓ પર હુમલાને રોકવા માટે કરાર હેઠળ કરવામાં આવ્યો હતો. આ યાદી નવી દિલ્હી અને ઈસ્લામાબાદમાં એક સાથે રાજદ્વારી ચેનલો દ્વારા શેર કરવામાં આવી હતી. દર વર્ષે ૧ જાન્યુઆરીએ ભારત અને પાકિસ્તાન વચ્ચે આ સૂચિની આપ-લે થાય છે અને બંને દેશોએ એકબીજાને જાણ કરવાની હોય છે કે તેમના પરમાણુ સ્થાપનો અને સુવિધાઓ આ કરારના દાયરામાં છે.

આ કરાર પર બંને દેશોએ ૩૧ ડિસેમ્બર ૧૯૮૮ના રોજ હસ્તાક્ષર કર્યા હતા. તેનો અમલ ૨૭ જાન્યુઆરી ૧૯૯૧ના રોજ થયો હતો. આ સમજૂતીનો હેતુ બંને દેશો વચ્ચેના પરમાણુ સ્થાપનોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે, જેથી પરમાણુ યુદ્ધ કે હુમલાની શક્યતાઓ ઘટાડી શકાય. ભારત અને પાકિસ્તાન વચ્ચે આ ૩૪મી વખત યાદીની આપ-લે થઈ છે. આ વિનિમય ૧ જાન્યુઆરી, ૧૯૯૨ થી સતત થઈ રહ્યો છે.તાજેતરના વર્ષોમાં કાશ્મીરના વિવાદ અને સરહદ પારના આતંકવાદ જેવા મુદ્દાઓને કારણે બંને દેશો વચ્ચેના સંબંધો વણસેલા છે. તેમ છતાં, આ સૂચિની આપ-લે કરવામાં આવી હતી, જે સમજૂતી અને સુરક્ષા પ્રત્યે બંને દેશોની પ્રતિબદ્ધતા દર્શાવે છે.આ ઉપરાંત ભારત અને પાકિસ્તાને આજે એકબીજાની કસ્ટડીમાં રહેલા નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીની પણ આપલે કરી હતી. વિદેશ મંત્રાલયે કહ્યું કે આ યાદી રાજદ્વારી ચેનલો દ્વારા શેર કરવામાં આવી હતી.

**ડ્રગ્સ જપ્તીના કેસમાં પા.કના નાગરિકોને સજા આપી | ૨૦૧૫ માં, ભારતીય કોસ્ટ ગાર્ડે ગુજરાતના દરિયાકાંઠેથી ૬.૯૬ કરોડ રૂપિયાની કિંમતનું ૨૩૨ કિલો હેરોઈન વહન કરતી બોટમાંથી આરોપીની ધરપકડ કરી હતી**

## મુંબઈની એક કોર્ટે આઠ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની સજા ફટકારી

| મુંબઇ,તા.૧ |

મહારાષ્ટ્રમાં મુંબઈની એક કોર્ટે ૮ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે. કોર્ટે ૨૦૧૫ના ડ્રગ્સ જપ્તીના કેસમાં પાકિસ્તાની નાગરિકોને આ સજા આપી છે. હકીકતમાં, વર્ષ ૨૦૧૫ માં, ભારતીય કોસ્ટ ગાર્ડે ગુજરાતના દરિયાકાંઠેથી ૬.૯૬ કરોડ રૂપિયાની કિંમતનું ૨૩૨ કિલો હેરોઈન વહન કરતી બોટમાંથી આરોપીની ધરપકડ કરી હતી. એનડીપીએસ એક્ટ કેસના વિશેષ ન્યાયાધીશ શશિકાંત બાંગરે આ આઠ લોકોને ડ્રગ વિરોધી કાયદા હેઠળ કરવામાં આવેલા ગુના માટે દોષિત ઠેરવ્યા હતા. આરોપીઓને નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ મહત્તમ ૨૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. કોર્ટે દરેકને ૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર સુમેશ પંજવાનીએ આરોપીઓ માટે મહત્તમ સજાની



માંગ કરતા કહ્યું કે તે અન્ય ડ્રગ હેરફેર કરનારાઓ માટે બોધપાઠ બની શકે છે. જોકે, બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે નમ્ર અભિગમ અપનાવવો જોઈએ. બંને પક્ષોને સાંભળ્યા બાદ કોર્ટે નમ્રતા દાખવવાનો ઈનકાર કર્યો હતો અને આઠ આરોપીઓને મહત્તમ સજા ફટકારી હતી.ફરિયાદ મુજબ, જે બોટમાંથી આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી તેમાં ૧૧ ડ્રમ હતા જેમાં ઘઉં-બ્રાઉન પાવડરવાળી ૨૦ પ્લાસ્ટિકની થેલીઓ હતી. તેણે જણાવ્યું હતું કે દરેક પેકેટની સામગ્રીની તપાસ કરવામાં આવી હતી, જેમાં તે હેરોઈન હોવાનું બહાર આવ્યું હતું. આઠ પાકિસ્તાની નાગરિકો પાસેથી ત્રણ સેટેલાઈટ ફોન, જીપીએસ નેવિગેશન ચાર્ટ અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો પણ મળી આવ્યા હતા. બાદમાં તેને દક્ષિણ મુંબઈમાં યલો ગેટ પોલીસને સોંપવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રમાં મુંબઈની એક કોર્ટે ૮ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે. કોર્ટે ૨૦૧૫ના ડ્રગ્સ જપ્તીના કેસમાં પાકિસ્તાની નાગરિકોને આ સજા આપી છે.

# ખેડામાં નડિયાદમાં ગેસ રીફિલિંગ કૌભાંડમાં ગિરીશ પટેલની ધરપકડ

। નડિયાદ, તા.૧ ।

ખેડા જિલ્લામાં નડિયાદ ગેસ રીફિલંગ કૌભાંડનો એલસીબીએ પર્દાફાશ કર્યો છે. આ અંગે પુરવઠા વિભાગ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આરોપી પોતાના મકાન પાસે ઓરડીમાં ગેસ ભરી આપતો હતો. આરોપી ગેસની બોટલોમાં જોઈએ તેટલો ગેસ ભરી આપતો હતો. જિલ્લા પુરવઠા વિભાગે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.ગેસની બોટલો સહિત ૨.૩૧ લાખનો મુદ્દામાલ આ અંગે જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આરોપીને પકડીને વધુ તપાસ હાથ ધરી છે. નડિયાદના ડીવાયએસપી વી આર બાજપાઈએ જણાવ્યું હતું કે નડિયાદ પશ્ચિમ વિસ્તારમાંથી ખેડા એલસીબીએ ગેસની બોટલને રીફિલિંગ કરી વેચવાનું કૌભાંડ ઝડપ્યું હતું.પુરવઠા વિભાગ અને પોલીસ સાથે રહીને સોસાયટી વિસ્તારમાં ગેસ રીફિલિંગ કરવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.






























**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya